
For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 27 | Saturday 2 March 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... **newsonlinelive.tv**




**Gadgets ગુરૂ**
મહિન્દ્રા Scorpio-Nનું નવું Z8 સિલેક્ટ લોન્ચ 4

ભારત જોડો ન્યાયયાત્રા ગુજરાતમાં 7 માર્ચે પ્રવેશશે, શું કોઈ ચમત્કાર થશે? 7



તાપસી બોયફ્રેન્ડ મૈથિયાસ સાથે લગ્ન કરશે, કપલ 10 વર્ષથી રિલેશનશિપમાં છે... 10



# ભારત અંતરિક્ષમાં બેતાજ બાદશાહ બનવા તૈયાર...

## દુનિયાના મોટા દેશોને પછાડવા માટે સજ્જ

## ગગનયાનના ચાર અવકાશયાત્રીઓનાં નામની જાહેરાત...



## PM મોદીએ તમામ અવકાશયાત્રી સાથે કરી વાત

### આ એવી શક્તિ છે જે 140 કરોડ લોકોની આશાઓને સ્પેસમાં લઈ જશે

**1** ચંદ્રયાન-3ની સફળતા પછી ભારતનો જુસ્સો વધુ બુલંદ...

**2** ગગનયાન મિશન દ્વારા નવું ભારત અંતરિક્ષમાં રાજ કરશે

**3** ભવિષ્યમાં ભારત અવકાશમાં સ્પેસ સ્ટેશન પણ બનાવશે

**ચેન્નઈ:** વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે કેરળના તિરુવનંતપુરમ પહોંચ્યા હતા. વડાપ્રધાને વિક્રમ સારાભાઈ ઈસરોના ચીફ એસ સોમનાથ સાથે સ્પેસ સેન્ટરની મુલાકાત લીધી છે. મોદી અહીં લગભગ રૂ.1800 કરોડના ત્રણ સ્પેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને દેશના પ્રથમ મેન્ડ સ્પેસ મિશન ગગનયાનની સમીક્ષા કરી હતી. વડાપ્રધાને ગગનયાન મિશન પર મોકલવામાં આવનાર અવકાશયાત્રીઓના નામની જાહેરાત કરી અને તેમને અવકાશયાત્રી વિંગ્સ આપી. ગગનયાન મિશન પર જે અવકાશયાત્રીઓને મોકલવામાં આવશે તેમાં ગ્રૂપ કેપ્ટન પ્રશાંત બાલકૃષ્ણન નાયર, અજિત કૃષ્ણન, અંગદ પ્રતાપ અને વિંગ કમાન્ડર શુભાંશુ શુક્લા સામેલ છે...

## કોણ છે ગગનયાન મિશનના ચાર એસ્ટ્રોનોટ?

1 **ગ્રુપ કેપ્ટન પ્રશાંત નાયર** 26 ઓગસ્ટ 1976માં કેરળના થિરુવાઝિયાદમાં તેમનો જન્મ થયો. પ્રશાંત નાયરે એનડીએમાં પોતાની ટ્રેનિંગ પૂરી કરી. એરફોર્સ એકેડેમીમાં સ્વોર્ડ ઓફ ઓનર મેળવી ચૂક્યા છે. 19 ડિસેમ્બર 1998માં તેમને વાયુસેનાના ફાઈટર જેટ પ્રોગ્રામમાં સામેલ કરવામાં આવ્યા. ત્યારબાદ તેમને ફાઈટર પાઈલોટ બનાવવામાં આવ્યા. તે CAT-A ક્લાસના ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર અને ટેસ્ટ પાઈલોટ છે. લગભગ 3000 કલાકની ઉડાનનો તેમને અનુભવ છે. પ્રશાંત નાયરે Su-30MKI, MiG-21, MiG-29, હોક, ડોર્નિયર,AN-32 વગેરે વિમાન પણ ઉડાવ્યા છે. તે યુનાઈટેડ સ્ટેટ્સ સ્ટાફ કોલેજ, DSSC, વેલિંગ્ટન અને તાંબરમના FISના પૂર્વ વિદ્યાર્થી રહી ચૂક્યા છે. તે સુખોઈ-30 સ્ક્વોડ્રનના કમાન્ડન્ટ પણ રહી ચૂક્યા છે.



### PM મોદીએ ચેન્નઈમાં શું કહ્યું

*જળ, જમીન, આકાશ અને અવકાશમાં ઐતિહાસિક કાર્યોની ખ્યાતિ મળી રહી છે*

વડાપ્રધાને કહ્યું- હું ઈચ્છું છું કે દરેક વ્યક્તિ ઊભા થઈને આપણા અવકાશયાત્રીઓને અભિવાદન પાઠવે. દરેક રાષ્ટ્રની વિકાસયાત્રામાં કેટલીક એવી ક્ષણો આવે છે જે વર્તમાનની સાથે ભવિષ્યની પણ પેઢીઓને પણ વ્યાખ્યાયિત કરે છે. આજે ભારત માટે આ એક એવી ક્ષણ છે, આપણી વર્તમાન પેઢી ખૂબ જ ભાગ્યશાળી છે જેને જળ, જમીન, આકાશ અને અવકાશમાં ઐતિહાસિક કાર્યોની ખ્યાતિ મળી રહી છે.

2 **ગ્રુપ કેપ્ટન અજીત ક્રિષ્નન** 19 એપ્રિલ 1982માં તમિલનાડુના ચેન્નઈમાં જન્મેલા અજીતે એનડીએમાંથી સેનાની ટ્રેનિંગ પૂરી કરી છે. રાષ્ટ્રપતિ પાસેથી ગોલ્ડ મેડલ અને વાયુસેના એકેડેમીમાંથી સ્વોર્ડ ઓફ ઓનર પણ મેળવેલું છે. 21 જૂન 2003માં તેમને ભારતીય વાયુસેનાના ફાઈટર સ્ટ્રીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. તેમની પાસે ફ્લાઈંગ ઈન્ટ્રક્ટર અને ટેસ્ટ પાઈલોટનો 2900 કલાકનો અનુભવ છે. અજીતે Su-30MKI, MiG-21, Mig-21 Bison, Mig-19, જગુઆર, ડોર્નિયર, એન-32 જેવા વિમાન ચલાવ્યા છે. તે વેલિંગ્ટનમાં આવેલ DSSCના પૂર્વ વિદ્યાર્થી રહી ચૂક્યા છે.

3 **ગ્રુપ કેપ્ટન અંગદ પ્રતાપ** 17 જુલાઈ 1982માં ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં જન્મેલા અંગદ પ્રતાપની મિલિટ્રી ટ્રેનિંગ એનડીએમાં થઈ છે. 18 ડિસેમ્બર 2004માં તેમને વાયુસેનાના ફાઈટર સ્ટ્રીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. તેમની પાસે ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર અને ટેસ્ટ પાઈલોટનો લગભગ 2000 કલાકનો અનુભવ છે. અંગદે સુખોઈ-30 MKI, મિગ-21, મિગ-29, જગુઆર, હોક, ડોર્નિયર અને એન-32 જેવા વિમાન અને ફાઈટર જેટ્સ ઉડાવ્યા છે.

4 **વિંગ કમાન્ડર સુભાંશુ શુક્લા** 10 ઓક્ટોબર 1985માં લખનઉમાં જન્મેલા સુભાંશુ શુક્લાની મિલિટ્રી ટ્રેનિંગ એનડીએમાં થઈ છે. વાયુસેનાના ફાઈટર સ્ટ્રીમમાં તેમને 17 જૂન 2006માં સામેલ કરવામાં આવ્યા. તે એક ફાઈટર કોમ્બેટ લીડર છે. સાથે જ તેમની પાસે ટેસ્ટિંગ પાઈલોટિંગનો 2000 કલાકની ઉડાનનો અનુભવ છે.

# USમાં જ્હાન્વી કંડુલા મૃત્યુકેસમાં નવો વળાંક

## ભારતે કહ્યું- અમેરિકા નિર્ણયનો રિવ્યૂ કરે...

### બાઈડેન પ્રશાસને કહ્યું હતું- આરોપી પોલીસ અધિકારીને સજા નહીં થાય

■ ન્યૂયોર્ક

ભારતનું કહેવું છે કે અમેરિકાએ ભારતીય વિદ્યાર્થી જ્હાન્વી કંડુલાના મોત માટે જવાબદાર પોલીસ અધિકારીને સજા ન આપવાના નિર્ણયની સમીક્ષા કરવી જોઈએ. સિએટલમાં ભારતીય દૂતાવાસ (કોન્સ્યુલેટ)એ કહ્યું કે અમેરિકાએ નિર્ણયની સમીક્ષા કરવી જોઈએ. હાલમાં આ મામલો સિએટલ એટર્ની જનરલને મોકલવામાં આવ્યો છે. અમે જ્હાન્વી કંડુલા અને તેના પરિવારને ન્યાય મળે તે માટે તમામ પ્રયાસો કરી રહ્યા છીએ. અમે સિએટલ પોલીસ દ્વારા સંપૂર્ણ તપાસની રાહ જોઈ રહ્યા છીએ. હકીકતમાં, 22 ફેબ્રુઆરીએ અમેરિકન સત્તાવાળાઓએ કહ્યું હતું કે સિએટલમાં 23 વર્ષીય ભારતીય વિદ્યાર્થી જ્હાનવી કંડુલાના મૃત્યુ માટે જવાબદાર પોલીસ અધિકારી કેવિન દવે સામે કોઈ કેસ નહીં થાય. તેને સજા કરવામાં આવશે નહીં. તેની સામે કોઈ પુરાવા મળ્યા નથી. 24 જાન્યુઆરી, 2023ના રોજ જ્હાન્વી કંડુલાનું પોલીસ પેટ્રોલિંગ કાર સાથે અથડાઈને મૃત્યુ થયું હતું. પોલીસ અધિકારી કેવિન દવે કાર ચલાવી રહ્યા હતા, તેથી જ્હાન્વીના મૃત્યુ અંગે તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### ભારતીય દૂતાવાસે કહ્યું- મામલાની નજર રાખી રહ્યા છીએ

ભારતીય દૂતાવાસે કહ્યું- અમેરિકન પ્રશાસને જ્હાન્વી કંડુલાના મોતને લઈને તપાસ રિપોર્ટ જાહેર કર્યો છે. જેમાં એ વાત સામે આવી છે કે વિદ્યાર્થીને મારનાર પોલીસ અધિકારીને સજા કરવામાં આવી નથી. અમે વિદ્યાર્થીના પરિવારને ન્યાય અપાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યા છીએ. અમે આ બાબતને યોગ્ય નિરાકરણ માટે સિએટલ પોલીસ સહિત સ્થાનિક સત્તાવાળાઓને લઈ ગયા છીએ. આ કેસ હાલમાં સમીક્ષા માટે સિએટલ સિટી એટર્ની ઓફિસમાં મોકલવામાં આવ્યો છે. અમે સિએટલ પોલીસની વહીવટી તપાસ પૂર્ણ થવાની રાહ જોઈ રહ્યા છીએ. અમે આ બાબત પર સતત નજર રાખી રહ્યા છીએ.



**બોડીકેમ ચાલુ હતો તેથી વસ્તુઓ રેકોર્ડ કરવામાં આવી હતી** જ્યારે પોલીસ ઓફિસર ડેનિયલ વિદ્યાર્થીના મોતની મજાક ઉડાવી રહ્યો હતો ત્યારે તેનો બોડી-કેમ એટલે કે તેના શરીર પર લગાવાયેલો કેમેરો ચાલુ હતો. જેના કારણે તમામ બાબતો રેકોર્ડ કરવામાં આવી હતી. તેની કારમાં બેઠેલા તેને એમ કહેતા સાંભળવામાં આવ્યા કે અકસ્માત બાદ છોકરીએ 40 ફૂટ ફંગોળાઈ નથી, પરંતુ તે મરી ગઈ હતી. આ પછી ડેનિયલ જોર જોરથી હસવા લાગ્યો. પછી તેણે કહ્યું- તે એક નિયમિત વ્યક્તિ હતી. 11 હજાર ડોલર (9 લાખ)નો ચેક લખીને કામ કરવામાં આવશે.

**બીજા અધિકારીએ તેની મજાક ઉડાવી** કેવન સાથે કારમાં ડેનિયલ ઓર્ડરર નામનો પોલીસ અધિકારી પણ હાજર હતો. તેણે જ્હાન્વીના મોતની મજાક ઉડાવી હતી. બીબીસીના અહેવાલ મુજબ પોલીસ અધિકારીઓની કારનો એક વીડિયો અને ઓડિયો સામે આવ્યો હતો. આમાં ડેનિયલ કહી રહ્યો હતો કે ભારતીય વિદ્યાર્થીના જીવનની સીમિત કિંમત છે. ચેક લખવાથી કામ થઈ જશે.




# ભારતીય મૂળના ઉમેદવાર પણ ટ્રમ્પ સામે પરાસ્ત

### ટ્રમ્પે નિક્કી હેલીને હરાવ્યા, ટ્રમ્પની શાનદાર જીત, અમેરિકી રાષ્ટ્રપતિ પદની દાવેદારી નક્કી

■ વોશિંગ્ટન

અમેરિકામાં આ વર્ષે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીઓની ઉમેદવારી માટે ચૂંટણી ચાલી રહી છે. આ દરમિયાન રવિવારે સવારે (ભારતીય સમય મુજબ), રિપબ્લિકન પાર્ટીના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દક્ષિણ કેરોલિના રાજ્યની ચૂંટણીમાં જીત મેળવી છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, મત ગણતરી પૂર્ણ થાય તે પહેલા જ ટ્રમ્પને 59.7% વોટ મળ્યા હતા, જ્યારે ભારતીય મૂળની નિક્કી હેલીને 39.6% વોટ મળ્યા હતા. બીજી તરફ, ડેમોક્રેટિક પાર્ટી માટે પ્રાથમિક ચૂંટણી 4 ફેબ્રુઆરીએ યોજાઈ હતી. આમાં જો બાઇડનની જીત થઈ હતી. તેમને 96.3% મત મળ્યા. બીજા ક્રમે આવેલા ડીન ફિલિપ્સને માત્ર 2.0% વોટ મળ્યા. અમેરિકામાં આ વર્ષે નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. આ પહેલા, બંને પક્ષો - રિપબ્લિકન અને ડેમોક્રેટિક, આ ચૂંટણી માટે તેમના ઉમેદવારોને અંતિમ સ્વરૂપ આપવામાં વ્યસ્ત છે.

હેલી સાઉથ કેરોલિનાના સાંસદ રહી ચૂક્યા છે ચૂંટણી પરિણામ આવ્યા બાદ નિક્કી હેલીએ કહ્યું- હું હાર સ્વીકારીશ નહીં. હું ચૂંટણીમાંથી પીછે હટ કરીશ નહીં. નિક્કીએ હાલમાં જ કહ્યું હતું - જો ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ચૂંટાય છે, તો બાઇડન ગત વખતની જેમ ચૂંટણી જીતશે.અગાઉ ટ્રમ્પે આયોવા અને ન્યૂ હેમ્પશાયર રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીમાં પણ જીત મેળવી હતી.

આ પછી રિપબ્લિકન વિવેક રામાસ્વામી અને રોન ડી-સેન્ટિસે ચૂંટણી નહીં લડવાનો નિર્ણય લીધો હતો. તેથી, ટ્રમ્પ અને હેલી રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવારી માટે આમને-સામને છે. ન્યૂ હેમ્પશાયરની ચૂંટણીમાં હાર્યા બાદ નિક્કી હેલીએ કહ્યું હતું - સાઉથ કેરોલિના મારું પ્રિય રાજ્ય છે. હું 24મી ફેબ્રુઆરીએ અહીં મારી સંપૂર્ણ શક્તિનો ઉપયોગ કરીશ. હું ચોક્કસપણે ઉમેદવારીમાં ટ્રમ્પને અને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં બાઈડેનને હરાવીશ. ખરેખર, નિક્કી હેલી દક્ષિણ કેરોલિનાથી આવે છે. તેઓ 2011-17 વચ્ચે અહીંથી રાજ્યપાલ પણ રહી ચૂક્યા છે.


# ચંદ્ર પર ઉતર્યા બાદ એક સાઈડ પલટ્યું ઓડેસિયસ લેન્ડર

### લેન્ડર ગુરુવારે સાંજે 6:23 કલાકે ચંદ્રના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રમાં ઉતર્યું

■ ન્યૂયોર્ક

લગભગ 50 વર્ષ બાદ હાલમાં એક અમેરિકન અવકાશયાન ચંદ્ર પર ઉતર્યું છે. ચંદ્ર પર ઉતરેલા લેન્ડરનું નામ છે - ઓડેસિયસ લેન્ડર. તે હ્યુસ્ટનની ઈન્ટુઈટીવ મશીને બનાવ્યું છે. નાસાએ જણાવ્યું હતું કે લેન્ડિંગ વખતે મૂન લેન્ડર ઓડીસિયસનો એક પગ ચંદ્ર પર ફસાઈ ગયો હતો. જેના કારણે તે એક તરફ નમી ગયુ છે. જો કે, હવે નવી માહિતી મળી છે કે લેન્ડરે સોમવારે ચંદ્રની સપાટી પરથી પોતાની પ્રથમ તસવીરો મોકલી છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ જણાવ્યું હતું કે તેના મૂન લેન્ડર ઓડેસિયસનો એક પગ ચંદ્ર પર ફસાઈ ગયો હતો. જેના કારણે તે એક તરફ નમી ગયુ હતું. આ સમાચારની પુષ્ટિ લેન્ડરનું નિર્માણ અને સંચાલન કરનારી કંપની ઈન્ટુઈટીવ મશીન્સ દ્વારા પણ કરવામાં આવી હતી. ઓડીસિયસ એ પ્રથમ અમેરિકન અવકાશયાન છે જે અડધી સદીથી વધુ સમય બાદ ચંદ્ર પર ઉતર્યું હતું. આ રોબોટિક લેન્ડર ગુરુવારે સાંજે 6:23 કલાકે ચંદ્રના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રમાં ઉતર્યું હતું. પરંતુ ફ્લાઈટ કંટ્રોલર્સને લેન્ડરના કમ્યુનિકેશન સિગ્નલથી સિગ્નલ પ્રાપ્ત કરવામાં ઘણી મિનિટ લાગી ગઈ હતી. ઈન્ટુઈટીવ મશીન્સ કંપનીએ કહ્યું કે, ઓડીસિયસે ચંદ્રની સપાટી પરથી પોતાના માલાપર્ટ સુધીની તસવીરો મોકલી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે સૌથી દૂર દક્ષિણનું પ્રતિનિધિત્વ કરતું કોઈપણ વાહન ચંદ્ર પર લેન્ડ કરવા અને જમીન નિયંત્રકો સાથે સંચાર સ્થાપિત કરવામાં સક્ષમ છે.





નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઇડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

### વિવિધ જંગલી પશુઓને બચાવવાનું ભગીરથ કામ કોર્પોરેટ કંપનીએ કર્યુ

# રિલાયન્સ ફાઉન્ડેશનની વન્ય પશુઓ માટે 'વનતારા' કાર્યક્રમની જાહેરાત

## 3000 એકરમાં પ્રાણીઓની સારસંભાળ અને પુર્નવસનનું કામ કરવામાં આવશે

■ જામનગર



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને રિલાયન્સ ફાઉન્ડેશને ભારત અને સમગ્ર વિશ્વના ઈજાગ્રસ્ત, પ્રતાડિત અને ભયગ્રસ્ત પ્રાણીઓના બચાવ, સારવાર, સંભાળ અને પુનર્વસન પર ધ્યાન કેન્દ્રિત કરવા માટેની એકછત્ર પહેલ - વનતારા કાર્યક્રમની જાહેરાત કરી છે. ગુજરાતમાં રિલાયન્સના જામનગર રિફાઈનરી સંકુલમાં આવેલા ગ્રીનબેલ્ટની અંદર 3000 એકરમાં ફેલાયેલા, વનતારાનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્તરે સંરક્ષણ પ્રયાસોમાં અગ્રણી પ્રદાનકર્તાઓમાં સ્થાન મેળવવાનો છે. પ્રાણીસંભાળ અને કલ્યાણના અગ્રણી નિષ્ણાતો સાથે કામ કરીને, વનતારાએ બચાવ કરેલા પ્રાણીઓ સુખેથી રહી શકે તે માટે 3000-એકરની વિશાળ જગ્યાને જંગલ સાથે સામ્યતા ધરાવતા કુદરતી, સમૃદ્ધ, હરીયાળા અને લીલાછમ રહેઠાણમાં રૂપાંતરિત કરી છે.

ભારતની અનન્ય વનતારા પહેલ, આરઆઈએલ અને રિલાયન્સ ફાઉન્ડેશનના બોર્ડના ડાયરેક્ટર અનંત અંબાણીના પ્રખર નેતૃત્વ હેઠળ પરિકલ્પિત થઈ છે અને અસ્તિત્વમાં આવી છે. અંબાણી જામનગરમાં રિલાયન્સના મહત્વાકાંક્ષી રિન્યુએબલ એનર્જી બિઝનેસનું પણ નેતૃત્વ કરી રહ્યા છે, તેના કાર્યક્રમોમાં, વનતારા અદ્યતન સંશોધન અને પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ જેમ કે ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર અને વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ ફોર નેચર સાથે અદ્યતન સંશોધન અને સહયોગને એકીકૃત કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે.





### 200થી વધુ પશુઓને બચાવ્યા

છેલ્લા કેટલાક વર્ષોમાં, પ્રોગ્રામમાં 200 થી વધુ હાથીઓ અને હજારો અન્ય પ્રાણીઓ, સરિસૃપો અને પક્ષીઓને અસુરક્ષિત પરિસ્થિતિઓમાંથી બહાર કાઢીને બચાવ્યા છે. આ પહેલમાં ગેંડા, ચિત્તા અને મગર સહિતની મુખ્ય પ્રજાતિઓના પુનર્વસનની કામગીરી પણ કરવામાં આવી છે. તાજેતરમાં, વનતારાએ મેક્સિકો, વેનેઝુએલા વગેરે દેશોમાં વિદેશી બચાવ મિશનમાં પણ ભાગ લીધો છે. તાજેતરમાં મધ્ય અમેરિકન ઝૂ ઓથોરીટીના મદદના સાદને પ્રતિભાવ આપતાં ત્યાંથી ઘણાં મોટા પ્રાણીઓ લાવવામાં આવ્યા છે.

# Paytm બેંકના ચેરમેન વિજય શેખરનું રાજીનામું

## ટૂંક સમયમાં નવા ચેરમેનની નિમણૂક કરવાની પ્રક્રિયા શરૂ કરાશે

■ નવી દિલ્હી

Paytmના ફાઉન્ડર વિજય શેખર શર્માએ સોમવારે (26 ફેબ્રુઆરી) Paytm પેમેન્ટ્સ બેંક (PPBL) ના બોર્ડમાંથી રાજીનામું આપી દીધું છે. તેઓ બેંકના પાર્ટ ટાઈમ નોન એક્ઝિક્યુટિવ ચેરમેન હતા. તેમના રાજીનામા બાદ બેંકના નવા બોર્ડની રચના કરવામાં આવી છે. Paytm પેમેન્ટ્સ બેંક ટૂંક સમયમાં નવા ચેરમેનની નિમણૂક કરવાની પ્રક્રિયા શરૂ કરશે. Paytmએ તેની રેગ્યુલેટરી ફાઈલિંગમાં આ જાણકારી આપી છે. હવે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના પૂર્વ ચેરમેન શ્રીનિવાસન શ્રીધર બોર્ડના સભ્ય હશે. આ ઉપરાંત નિવૃત્ત IAS દેવેન્દ્રનાથ સારંગી, બેંક ઓફ બરોડાના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અશોક કુમાર ગર્ગ અને નિવૃત્ત IAS રજની સેખરી સિબ્બલ પણ Paytm પેમેન્ટ્સ બેંકના બોર્ડમાં જોડાશે.



## NEWS FILE

### કેબિનેટે PM સૂર્યઘર મફત વીજળી યોજનાને મંજૂરી આપી



નવી દિલ્હીઃ કેબિનેટે ગુરુવારે 29 ફેબ્રુઆરીએ પીએમ સૂર્યઘર મફત વીજળી યોજનાને મંજૂરી આપી હતી. આ યોજના હેઠળ 1 કરોડ ઘરોને 300 યુનિટ મફત વીજળી મળશે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કેબિનેટના નિર્ણયોની જાણકારી આપી. અનુરાગ ઠાકુરે કહ્યું કે આ યોજના હેઠળ રૂફ ટોપ સોલર લગાવનાર એક કરોડ પરિવારોને પણ 15 હજાર રૂપિયાની વાર્ષિક આવક મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ યોજના 13 ફેબ્રુઆરી 2024ના રોજ શરૂ કરી હતી. આ યોજનામાં, દરેક પરિવાર માટે 2 Kw સુધીના સોલર પ્લાન્ટની કિંમતના 60% સબસિડીના રૂપમાં ખાતામાં આવશે.

### હવે ઈન્વેસ્ટીગેશન માટે AIનો ઉપયોગ કરતું સેબી

નવી દિલ્હી : શેર બજારોમાં મેનીપ્યુલેશન્સ-પ્રાઈસ રીગિંગ કરનારા અને ઉલ્લંઘનો કરી ખોટી પ્રવૃતિ કરનારા ઓપરેટરો, લેભાગુઓનું આવી બનશે. મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા(સેબી) હવે વિવિધ મામલા-કેસોમાં તપાસ-ઈન્વેસ્ટીગેશન્સ માટે આર્ટિફિશ્યિલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી રહ્યું છે. સેબીના સંપૂર્ણ સમયના સભ્ય કમલેશ ચંદ્રા વર્શનેયે જણાવ્યું હતું કે, એકમોએ ટેકનોલોજીકલ ડેવપમેન્ટ્સને ટ્રેક કરતાં રહેવું જોઈએ.

### રિલાયન્સ-ડિઝનીની જોઈન્ટ વેન્ચર એગ્રીમેન્ટ પર સાઈન




નવી દિલ્હીઃ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, વાયકોમ 18 અને વોલ્ટ ડિઝનીએ જોઈન્ટ વેન્ચર એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે. આ ડીલ હેઠળ, વાયાકોમ 18ને સ્ટાર ઈન્ડિયામાં મર્જ કરવામાં આવશે. નીતા અંબાણી આ નવી કંપનીના ચેરપર્સન હશે. વોલ્ટ ડિઝનીના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ ઉદય શંકર વાઈસ ચેરપર્સન હશે.પોસ્ટ-મની આધારે આ જોઈન્ટ વેન્ચરનું ટ્રાન્ઝેક્શન મૂલ્ય 70,352 કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. ટ્રાન્ઝેક્શન પૂર્ણ થયા પછી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ નવી કંપનીને નિયંત્રિત કરશે અને તેમાં રૂ. 11,500 કરોડનું રોકાણ પણ કરશે.

# સરકારે 1.26 લાખ કરોડના 3 સેમિકન્ડક્ટર પ્લાન્ટને મંજૂરી આપી

## 3 પ્લાન્ટમાંથી 2 ગુજરાતમાં અને 1 આસામમાં બંધાશે

■ નવી દિલ્લી

કેન્દ્રીય કેબિનેટે ગુરુવારે ચિપ પ્લાન્ટ માટે ત્રણ દરખાસ્તોને મંજૂરી આપી છે. આ ત્રણેય પ્લાન્ટને 'ડેવલપમેન્ટ ઓફ સેમિકન્ડક્ટર્સ એન્ડ ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ ઈન ઈન્ડિયા' હેઠળ મંજૂરી આપવામાં આવી છે. ત્રણ પ્લાન્ટમાંથી બે ગુજરાતમાં અને એક આસામમાં બનાવવામાં આવશે. આ ત્રણ ચિપ પ્લાન્ટની અંદાજિત કિંમત 1.26 લાખ કરોડ રૂપિયા છે. ટાટા ગ્રૂપ સંયુક્ત સાહસમાં બે પ્લાન્ટ બનાવશે- એક-એક ગુજરાત અને આસામમાં. સીજી પાવર પણ સંયુક્ત સાહસમાં ગુજરાતમાં પ્લાન્ટ બનાવશે. ત્રણેય પ્લાન્ટનું કામ 100 દિવસમાં શરૂ થઈ જશે. ટાટા ગ્રુપની ટાટા સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ પ્રાઈવેટ લિમિટેડ (TSAT) આસામના મોરીગાંવમાં 27 હજાર કરોડ રૂપિયાના રોકાણ સાથે પ્લાન્ટ બનાવશે. થાઈલેન્ડની સ્ટાર માઈક્રો ઈલેક્ટ્રોનિક્સના સહયોગથી ગુજરાતના સાણંદમાં પ્લાન્ટ બનાવશે. આ સેમિકન્ડક્ટર પ્લાન્ટ 7,600 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે.

### ટાટાનું સંયુક્ત સાહસ દેશનો પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટનું નિર્માણ કરશે



કેન્દ્રીય IT મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ટાટાનું સંયુક્ત સાહસ દેશનો પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટનું નિર્માણ કરશે. ધોલેરામાં માઈક્રોનના સેમિકન્ડક્ટર પ્લાન્ટ બાદ અહીં ફેબ્રિકેશન પ્લાન્ટ બનાવવામાં આવશે. અમેરિકન ચિપ કંપની માઈક્રોન ધોલેરામાં રૂ. 22,516 કરોડના ખર્ચે ચિપ એસેમ્બલી પ્લાન્ટ બનાવી રહી છે. Bટાટા ઈલેક્ટ્રોનિક્સ અને તાઈવાનની પાવર ચિપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન (PSMC) વચ્ચેનું સંયુક્ત સાહસ 91,000 કરોડના રોકાણ સાથે ગુજરાતના ધોલેરામાં ચિપ ફેબ્રિકેશન પ્લાન્ટનું નિર્માણ કરશે. PSMC તાઈવાનમાં 6 ચિપ ફાઉન્ડ્રી ધરાવે છે. જ્યારે ગુજરાતમાં પ્લાન્ટ બનશે ત્યારે તેની દર મહિને 50 હજાર વેફર બનાવવાની ક્ષમતા હશે. આ PSMCનો પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ પણ છે. અહીં દરરોજ 1.5 કરોડ ચિપ્સ બનાવી શકાય છે. તેનાથી 20 હજાર લોકોને પ્રત્યક્ષ રોજગાર મળશે.

## તંત્રીસ્થાનેથી...

# અમેરિકામાં ફરી એકવાર ડોનાલ્ડ ટ્રમ્પ સરકારના ભણકારા



૨૪ ફેબ્રુઆરીએ યુક્રેન પર રશિયાના હુમલાને બે વર્ષ પૂર્ણ થયા છે. પરંતુ કિવ (યુક્રેનની રાજધાની), મોસ્કો અને બ્રસેલ્સ (યુરોપિયન યુનિયન અને નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન એટલે કે નાટોનું મુખ્ય મથક)માં તમામની નજર નવેમ્બરમાં યોજાનારી યુએસએ પ્રમુખપદની ચૂંટણી પર છે. નાટોએ અગાઉ જે વાતો કરીને આંતરરાષ્ટ્રીય ક્ષિતિજને ધગધગતી કરી હતી એવી કોઈ વીરતા એમાં જોવા મળી નથી. માંધાતા દેશોએ બકરીના બચ્ચા જેવા યુક્રેનને રશિયન વાઘ સામે ધરી દીધું હોય એવું ચિત્ર છે. યુક્રેનનું યુદ્ધ દુશ્મન રાષ્ટ્ર માટે નહિ પરંતુ મિત્ર રાષ્ટ્રએ કરેલા દગા માટે ઈતિહાસમાં મોટા અક્ષરે છપાશે. યુક્રેનની પ્રજા વેર વિખેર થઈ ગઈ છે. પરિવારોના સભ્યો એકબીજાથી વિખૂટા પડી ગયા છે. ખેતરોમાં મિસાઈલોનો ભંગાર પડયો છે. હજારો બાળકો યુદ્ધનો ભોગ બન્યા છે.

હવે આ યુદ્ધની બે વરસ પછીની જે નવી કરમ કુંડળી બનશે એ અમેરિકી રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી પર આધારિત હશે. આ ચૂંટણીઓમાં રિપબ્લિકન પાર્ટી તરફથી ડોનાલ્ડ ટ્રમ્પનું નોમિનેશન નિશ્ચિત માનવામાં આવે છે અને તેઓ ફરીથી રાષ્ટ્રપતિ બને તેવી પ્રબળ સંભાવના છે. અમેરિકન પ્રજામાં પણ આ ધુની રાજનેતાને ફરી ગાદી પર બેસાડવાની તમન્ના છે. બાઈડનના ઘડપણથી અમેરિકનો તંગ આવી ગયા છે. એના સૈન્યને પણ એક ફેનેટિક નેતાનું ઘેલું લાગ્યું છે. મજબૂત લોકશાહી હોવાથી બહુ સફળ ન ગણાયેલા ટ્રમ્પનો એ પ્રજા ફરી અખતરો કરવા ચાહે છે. બાઈડનની હાલત સેનાપતિના ડિફરન્ટલી એબલ્ડ ઘોડા જેવી છે. ટ્રમ્પની જીત કરતાં યુરોપિયન યુનિયન અને યુક્રેન માટે ભાગ્યે જ વધુ કંઈ ખરાબ થઈ શકે. આ વાત ૧૦ ફેબ્રુઆરીના રોજ સાબિત થઈ હતી જ્યારે ટ્રમ્પે બુલંદ અવાજે કહ્યું હતું કે તેમના નેતૃત્વમાં અમેરિકા નાટોના સભ્ય દેશનો બચાવ કરશે નહીં અને જે દેશ તેના કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)ના બે ટકાથી ઓછા સંરક્ષણ પર ખર્ચ કરે છે તેને હું ધિકકારું છું.

ઊલટું, ડોનાલ્ડ ટ્રમ્પે ભારપૂર્વક એમ કહ્યું કહ્યું કે તે રશિયાને કહેશે કે તે જે ઈચ્છે તે કરે. ટ્રમ્પના આ વિધાનોએ યુક્રેનનું ભાગ્ય ઊંધું વાળી દીધું છે. તાજેતરમાં મ્યુનિક સિક્યોરિટી કોન્ફરન્સમાં પ્રભુત્વ ધરાવતું આ નિવેદન ૭૫ વર્ષ જૂના કરારની કલમ ૫નું ઉલ્લંઘન કરે છે, જે જણાવે છે કે કોઈપણ નાટો સભ્ય રાજ્ય પર હુમલો એ તમામ નાટો સભ્યો પર હુમલો માનવામાં આવશે. યુક્રેન માટે આ દેખીતી રીતે ખરાબ સમાચાર છે કારણ કે તે પહેલાથી જ સંરક્ષણ સાધનોની અછત સાથે સંઘર્ષ કરી રહ્યું છે. બીજી તરફ રિપબ્લિકન પ્રભુત્વ ધરાવતા યુએસ કોંગ્રેસના નીચલા ગૃહ દ્વારા યુક્રેનને સૈન્ય અને નાગરિક સહાય આપવાનો વિરોધ થઈ રહ્યો છે. યુક્રેન નાટોનું સંપૂર્ણ સભ્ય નથી, પરંતુ તે એક દાયકા જૂના પ્રોગ્રામનો ભાગ છે જેનો અર્થ છે કે તે નાટો સાથે નજીકથી સહયોગ કરે છે. યુક્રેન પર લશ્કરી ફટકો યુરોપની સુરક્ષા માટે પણ ખતરો છે.

નાટોના સભ્યો દ્વારા અપેક્ષિત કરતાં ઓછા ખર્ચે પણ યુક્રેનને નાની નાની મદદ કરીને ટ્રમ્પ અને તેમના પુરોગામીઓને નારાજ કર્યા હતા. સૌ પ્રથમ, ઈ. સ. ૨૦૦૬ માં, નાટોના સંરક્ષણ પ્રધાનોએ આ વચન આપ્યું હતું કારણ કે તે મિત્ર દેશો માટેના લશ્કરી મદદના ખર્ચ-બોજને સહન કરવાનું સરળ બનાવશે. ઈ. સ. ૨૦૧૪માં જ્યારે રશિયાએ ક્રિમિયાને જોડયું ત્યારે આ વાતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. ટ્રમ્પ વહીવટીતંત્રનું કહેવું યોગ્ય હતું કે મોટાભાગના નાટો સભ્યો સંરક્ષણ બજેટ અંગેની પ્રતિબદ્ધતાને અવગણે છે. ઈ. સ. ૨૦૧૪માં માત્ર ત્રણ સભ્ય દેશોએ તેમના જીડીપીના બે ટકા સંરક્ષણ પાછળ ખર્ચ્યા હતા. ત્યારથી પરિસ્થિતિ બદલાઈ ગઈ છે કારણ કે યુરોપને ડર છે કે રશિયા ગમે ત્યારે હુમલો કરી શકે છે. આ વર્ષે, નાટોના ૩૧ સભ્ય દેશોમાંથી ૧૮ આ લક્ષ્ય હાંસલ કરે તેવી અપેક્ષા છે.

# મરીયમ શરીફ પંજાબની મુખ્યમંત્રી, પાકિસ્તાનમાં બીજી બેનઝીરનો ઉદય?

## વિચાર મંથન



**પાકિસ્તાનના** ભૂતપૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફનાં પુત્રી મરીયમ નવાઝ પાકિસ્તાનના પંજાબ પ્રાંતનાં મુખ્યમંત્રી બની ગયાં. પંજાબ પ્રાંતનાં જ નહીં પણ પાકિસ્તાનના કોઈ પણ પ્રાંતનાં એ પહેલાં મહિલા મુખ્યમંત્રી છે. પાકિસ્તાનમાં મહિલાઓને ભારત જેવી આઝાદી નથી તેથી કોઈ મહિલા મુખ્યમંત્રી બને એ સાંભળીને સૌને આશ્ચર્ય થાય છે તેથી અત્યારે બધે મરીયમની ચર્ચા છે. પાકિસ્તાનમાં આ પહેલં બેનઝીર ભુટ્ટો વડાપ્રધાનપદે પહોંચેલાં. મરીયમ પાકિસ્તાનના સૌથી મોટા રાજકીય પક્ષોમાં એક પાકિસ્તાન મુસ્લિમ લીગ (એન)ના કર્તાહર્તા નવાઝ શરીફનાં રાજકીય વારસ મનાય છે તેથી મરીયમની વરણીને પાકિસ્તાનના રાજકારણમાં બીજાં બેનઝીરના ઉદય તરીકે જોવાઈ રહ્યો છે. બેનઝીરની જેમ મરીયમ પણ ભવિષ્યમાં વડાપ્રધાન બનશે એવી શક્યતા જોવાઈ રહી છે.

પાકિસ્તાનમાં રાજકીય પરિવારની મહિલાઓ જ રાજકારણમાં આગળ આવે છે. મરીયમનો આખો પરિવાર રાજકારણમાં ખૂંપેલો છે. પિતા નવાઝ ત્રણ વાર વડાપ્રધાન બની ચૂક્યા છે, કાકા શાહબાઝ બીજી વાર પાકિસ્તાનના વડાપ્રધાન બન્યા છે, પિતરાઈ ભાઈ હમઝા આ પહેલાં પંજાબ પ્રાંતનો મુખ્યમંત્રી હતો.

નવાઝ શરીફને બે દીકરા પણ છે. બંને મરીયમ કરતાં મોટા છે પણ બેમાંથી કોઈને રાજકારણમાં રસ નથી. નવાજ શરીફનો મોટો દીકરો હુસૈન સાઉદી અરેબિયામાં રહીને બિઝનેસ કરે છે જ્યારે નાનો દીકરો લંડનમાં બિઝનેસ કરે છે. બંનેના પરિવાર વિદેશમાં સ્થાયી થઈ ગયા છે તેથી તેમને પાકિસ્તાન પાછા આવવામાં રસ નથી. આ કારણે નવાઝ શરીફે ઉભું કરેવું રાજકીય રજવાડું મરીયમનું જ છે તેથી મરીયમ ભવિષ્યમાં પાકિસ્તાનની ગાદી પર બેસે તો નવાઈ નહીં.

જો કે પાકિસ્તાનના રાજકારણમા ચાલતી ચર્ચા પ્રમાણે, શરીફ ખાનદાનનો રાજકીય વારસો મરીયમ નહીં પણ શાહબાઝનો દીકરો હમઝા સંભાળવાનો છે. આ કારણે જ નવાઝ શરીફ અત્યારથી ખસી ગયા છે અને શાહબાઝને આગળ કરાયા છે કે જેથી સીધો હમઝાને વારસો આપી શકાય. મરીયમ હમઝા માટે પડકાર ઉભો ના કરે એટલે તેને પંજાબમાં બાંધી દેવાઈ છે.

આ વાત કેટલી સાચી છે એ શરીફ પરિવાર જાણે પણ મરીયમમાં નવાઝ શરીફનો વારસો સંભાળવાની બધી લાયકાતો છે તેમાં બેમત નથી. ગુજરાતીમાં કહેવત છે કે, મોરનાં ઈંડાંને ચિતરવાં ના પડે. એ હિસાબે મરીયમ પણ એકદમ તૈયાર છે, બધી વાતે પૂરી છે. શરીફ મૂળ બિઝનેસમેન પરિવાર છે પણ અત્યારે તેમનો ફુલ ટાઈમ બિઝનેસ પોલિટિક્સ જ છે.

નવાઝ અને શાહબાઝ બંને ભાઈએ પાકિસ્તાનના રાજકારણમાં પોતાની તાકાત ઉભી કરી છે અને સાથે સાથે પાકિસ્તાનમાં સૌથી ભ્રષ્ટ અને ખંધા રાજકારણી તરીકે પંકાઈ ગયા છે. પંજાબ પ્રાંતમાં તો શરીફનું એકચક્રી શાસન જ વરસો લગી ચાલ્યું. ઈમરાન કારણે તેમાં ગાબડું પાડયું, બાકી શરીફ ખાનદાનની સત્તાને પડકારનારું જ કોઈ નહોતું તેથી શાહબાઝ શરીફ ચાર વાર પંજાબના મુખ્યમંત્રી બન્યા. આ દરમિયાન શરીફ ખાનદાને કરોડોનો ભ્રષ્ટાચાર કર્યો ને તેમાં મરીયમનું યોગદાન બહુ મોટું હતું. મરીયમ અને તેના પતિએ દુકાન જ ખોલી નાખેલી.

નવાઝ પોતે ત્રણ વાર વડાપ્રધાન બન્યા ત્યારે પણ કરોડોનો ભ્રષ્ટાચાર કર્યો તેમાં તો દસ વર્ષની જેલની સજા થતાં પાકિસ્તાન છોડીને ભાગવું પડેલું. આ કેસમાં મરીયમ અને તેના પતિ સફદર અવાનને પણ સજા થયેલી પણ પાકિસ્તાન આર્મીની મહેરબાનીથી આખું ખાનદાન દૂધે ધોયેલું સાબિત થઈ ગયું ને પાછું સત્તામાં પણ આવી ગયું. મરીયમે નવાઝે ભેગી કરેલી હરામની કમાણીને ઠેકાણે પાડવામાં ભજવેલી ભૂમિકા માટે જ સજા થયેલી.

મરીયમને ચૂંટણીના રાજકારણમાં બહુ વરસ થયાં નથી પણ નવાઝ શરીફનાં ચાર સંતોનામાંથી માત્ર તેને જ રાજકારણમાં રસ હોવાથી વરસોથી પળોટાયેલી છે. મરીયમ બહુ નાની ઉંમરે લાઈમલાઈટમાં આવી ગયેલી. ગ્રેજ્યુએશન માટે મરીયમને લાહોરની પ્રખ્યાત કિન્નૈર્ડ કોલેજમાં એડમિશન જોઈતું હતું પણ એડમિશન ના મળતાં એ વખતે પંજાબના મુખ્યમંત્રી નવાઝ શરીફે પ્રિન્સિપાલને સસ્પેન્ડ કરી દીધેલા. તેની સામે પ્રચંડ આંદોલન થતાં શરીફે નાકલીટી તાણવી પડેલી. આ ઘટનાએ મરીયમને આખા પાકિસ્તાનમાં જાણીતી કરી દીધેલી. મરીયમે એ પછી અંગ્રેજી લિટરેચરમાં માસ્ટર્સ ડીગ્રી લીધી અને પીએચ.ડી. કર્યું હોવાના દાવા કર્યા છે પણ તેની પીએચ.ડી.ની ડીગ્રી પણ શંકાના દાયરામાં આવી હતી. આ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો પછી મરીયમ પોતાની પીએચ.ડીની ડીગ્રીની વિગતો નથી આપતી પણ મરીયમ ટીપીકલ રાજકારણી છે તેનો આ પુરાવો છે.

મરીયમ ૨૦૧૮માં પહેલી વાર સાંસદ બની પણ એ પહેલાં નવાઝ શરીફનું કામકાજ જોતી. એ દરમિયાન તેણે મોટા પાયે ભ્રષ્ટાચાર કર્યો હતો. પનામા પેપર લીકમાં પણ મરીયમનું નામ આવ્યું હતું. મરીયમના નામે બ્રિટિશ વર્જિન આઈસલેન્ડ્સમાં ત્રણ કંપની હોવાનું અને લંડનમાં પણ સંપત્તિ હોવાનું બહાર આવ્યું હતું. આ કેસમાં મરીયમને જેલની હવા પણ ખાવી પડેલી પણ પછી પેરોલ પર છૂટી ગયેલી. નવાઝ શરીફને જેલની સજા થઈ ત્યારે મરીયમને પણ સાત વર્ષની કેદ થયેલી પણ એ માતાને સારવારના બહાને બહાર આવી ગયેલી. જેલ થયા પછી નવાઝ શરીફ મોટા ભાગે વિદેશમા રહ્યા. એ દરમિયાન મરીયમે જ પરિવારની રાજકીય પાર્ટીને સાચવી હતી.

### ગેરકાયદે ઈમિગ્રન્ટની સંખ્યા 73 લાખને પાર

# અમેરિકામાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની મુશ્કેલી વધવાના ભણકારા




અનંત
સંદીપ હીરપરા

**અમેરિકામાં** પ્રમુખ પદની ચૂંટણી પહેલા ગેરકાયદે ઈમિગ્રેશનનો મુદ્દો ચર્ચામાં છે. અમેરિકામાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની સંખ્યા સતત વધી રહી છે. હજારો લોકોએ અમેરિકામાં ગેરકાયદે આવ્યા પછી શરણાર્થી તરીકે અરજી કરી દીધી છે. યુએસ પ્રેસિડન્ટ જો બાઈડેનની પોલિસીની ઘણા લોકો ટીકા કરી રહ્યા છે ત્યારે હવે તેઓ કડક કાયદા ઘડે તેવી શક્યતા છે. હાલમાં અમેરિકામાં ગેરકાયદે ઈમિગ્રન્ટની સંખ્યા 73 લાખને પાર છે. તેનો અર્થ એવો થયો કે અમેરિકાના 50 રાજ્યોમાંથી 36 રાજ્યોની વસતી કરતા પણ ગેરકાયદે ઈમિગ્રન્ટની સંખ્યા વધુ છે. તમામ ઈમિગ્રન્ટ ભેગા મળીને પોતાનું એક શહેર બનાવે તો તે અમેરિકામાં ન્યૂયોર્ક પછી બીજા નંબરનું સૌથી મોટું શહેર બની શકે. જેથી બાઈડેન સરકાર એક એક્ઝિક્યુટિવ પગલું ભરીને શરણાર્થીઓ પર અંકુશ મૂકશે. અમેરિકાની સાઉથ બોર્ડર પરથી જે લોકો ગેરકાયદે ઘૂસ્યા હશે તેમના માટે અહીં રહેવું મુશ્કેલ બનશે. અમેરિકામાં મેક્સિકો બોર્ડર પરથી જે રીતે બહારના માણસો ખોટી રીતે ઘૂસી આવે છે તેનો સ્થાનિક લોકોમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. સામાન્ય અમેરિકનોનું કહેવું છે કે યુએસની બોર્ડર પોલિસી ચૂસ્ત હોવી જોઈએ અને હજારો શરણાર્થીઓ આવી રીતે ઘૂસી આવે તે ચાલે નહીં. જેથી 2024ની ચૂંટણીમાં ઈલિગલ ઈમિગ્રેશન એક મહત્ત્વનો મુદ્દો બનવાનો છે

અમેરિકન સરકાર હવે શરણાર્થીઓની અરજીઓ ઘટાડવા માટે ઈલિગલ ઈમિગ્રન્ટ્સ સામે પગલાં લેવા વિચારે છે. આ માટે નિયમોને વધુ કડક બનાવવામાં આવશે. તાજેતરમાં એક સેનેટ ઈમિગ્રેશન એગ્રીમેન્ટને હાઈસ રિપબ્લિકન્સમાં ફગાવી દેવામાં આવ્યો હતો. તેના કારણે પ્રેસિડન્ટ જો બાઈડન નવા રસ્તા શોધી રહ્યા છે. હવે તેઓ સેક્શન 212 (એફ) હેઠળની સત્તાનો ઉપયોગ કરે તેવી શક્યતા છે જેનો ઉપયચોગ અગાઉ ડોનાલ્ડ ટ્રમ્પ પણ કરી ચૂક્યા છે.

તાજેતરમાં જે રાજ્યોમાં સરવે કરવામાં આવ્યા તેમાં એવો નિષ્કર્ષ નીકળ્યો છેકે માઈગ્રન્ટની સંખ્યા વધવા માટે અમેરિકનો વધતા-ઓછા અંશે બાઈડનને જવાબદાર ગણે છે. અમેરિકાના ઘણા શહેરોના મેયર, ગવર્નરો અને ઈમિગ્રેશન એડવોકેટ્સે પણ બાઈડનને આ મામલે કંઈક કરવા વિનંતી કરી છે.

રાષ્ટ્રપતિ બાઈડેને 2021માં સત્તા સંભાળી ત્યારથી, ગેરકાયદેસર ક્રોસિંગનો કુલ આંકડો 72 લાખ 98 હજાર 486 છે. ફોક્સ ન્યૂઝના જણાવ્યા મુજબ આ આંકડા અલાબામા, કોલોરાડો અને મેરીલેન્ડ સહિતના રાજ્યોની વસતી કરતા પણ વધુ છે.



## Gadgets ગુરૂ

### મહિન્દ્રા Scorpio-Nનું નવું Z8 સિલેક્ટ લોન્ચ

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ 22 ફેબ્રુઆરી તેની લોકપ્રિય SUV Scorpio-N, Z8 સિલેક્ટનું નવું વેરિઅન્ટ લોન્ચ કર્યું છે. તે મિડ વેરિઅન્ટ Z6 અને ટોપ લાઈન મોડલ Z8 વચ્ચે મૂકવામાં આવ્યું છે. Z8 સિલેક્ટ પેટ્રોલ અને ડીઝલ બંને એન્જિન અને ટ્રાન્સમિશન વિકલ્પો સાથે ઓફર કરવામાં આવે છે. આ કાર 70 થી વધુ કનેક્ટેડ ફીચર્સ સાથે આવે છે. તેની શરૂઆતી કિંમત 16.99 લાખ છે.

- 17-ઈંચના ડ્યુઅલ ટોન એલોય વ્હીલ્સ
- ડ્યુઅલ બેરલ LED હેડલાઈટ્સ
- DRL સાથે LED પ્રોજેક્ટર ફોગ લેમ્પ્સ
- 8-ઈંચની ટચસ્ક્રીન ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ
- AdrenoX કનેક્ટેડ કાર ટેક્નોલોજી


# 5 સ્ટાર બલૂનમાં બેસીને સાહસિકો અંતરિક્ષનો પ્રવાસ કરશે, પ્રતિ વ્યકિતનું 1 કરોડ હશે ભાડું

### ■ આ બલૂન કલાકના ૧૨ માઈલનું અંતર કાપતો હશે, સ્પેસ કેપ્સૂલ કાર્બન ન્યૂટ્રલ

■ ન્યૂયોર્ક

સ્પેસ સંશોધનમાં એલન મસ્કના સ્પેસ એકસના આગમન પછી અનેક કંપનીઓ અંતરિક્ષ પ્રવાસનો દાવો કરી રહી છે. આમાંની જ એક કંપની અમેરિકાના ફલોરિડા રાજયની સ્પેસ પર્સેપકિટવ છે, જે ગુબ્બારા દ્વારા લોકોને અંતરિક્ષનો પ્રવાસ કરાવવાની દિશામાં આગળ વધી રહી છે. 5 સ્ટાર જેવી સેવા ધરાવતા ગુબ્બારામાં એક સાથે આઠ મહેમાનોને બેસાડી શકાય છે. જેમાં કોકટેલ પીણું, રોમાન્ટિક ડિનર અને પાર્ટીઓનું આયોજન કરવાની પણ છૂટ આપવામાં આવશે. અંતરિક્ષમાંથી પૃથ્વીને નિહાળતા રહીને લગ્ન કરવાની પણ છુટ આપવામાં આવશે.

ડેલી સ્ટારના એક અહેવાલ અનુસાર ફલોરિડાની કંપની ગુબ્બારામાં એક પ્રકારની હોટલ જ હશે. આ ગુબ્બારાનું નામ નેપ્ચ્યૂન રાખવામાં આવ્યું છે. સામાન્ય રીતે અંતરિક્ષયાન ૧૭૦૦૦ માઈલ પ્રતિ કલાકની ગતિથી સ્પેસમાં જતું હોય છે પરંતુ આ ગુબ્બારો કલાકના ૧૨ માઈલનું અંતર કાપતો હશે. લોકો વાઈફાઈની મદદથી ગુબ્બારાની સફરની તસ્વીરો પૃથ્વી પર રહેતા પોતાના પ્રિયજનોને મોકલી શકશે.









# એન્ટાર્કટિકામાં રોગજન્ય એવિયન ઈન્ફલૂએંઝા વાયરસ

### દક્ષિણ ક્ષેત્રની વિશાળ પેંગ્વિન કોલોનીઓને ખતરો

■ ન્યૂયોર્ક

એન્ટાર્કટિકામાં પ્રથમ વાર વૈજ્ઞાનિકોએ એવિયન ઈન્ફલૂએંઝા વાયરસ હોવાની પુષ્ઠિ કરી છે. આ સાથે જ એન્ટાર્કટિકાના દક્ષિણ ક્ષેત્રની વિશાળ પેંગ્વિન કોલોનીઓને ખતરો વધી ગયો છે. એન્ટાર્કટિકાની આસપાસના દ્વીપો પર લાખો પેંગ્વિનની વસાહતો આગવી ઓળખ રહી છે. આર્જેન્ટિનાના હાયર કાઉન્સિલ ફોર સાયન્ટિફિક ઈન્વેસ્ટિગેશનના જણાવ્યા અનુસાર આ શોધ પ્રથમ વખત દર્શાવે છે કે હાઈલી એવિએશન ઈન્ફલુએન્ઝા વાયરસ અંતર અને કુદરતી અવરોધો હોવા છતાં એન્ટાર્કટિકામાં પહોંચી ગયો છે.



૨૪ ફેબ્રુઆરીના રોજ મૃત સ્કુઆ સમુદ્રી પક્ષીઓના નમુનાની તપાસ કરતા વાયરસ મળી આવ્યો હતો. નિષ્ણાતોનું માનવું છે કે પક્ષીઓને એવિયન ઈન્ફલુએન્ઝાના એચ ફાઈવ પેટા પ્રકારના વાહક તરીકે ઓળખવામાં આવે છે આ સાથે જ જેંટૂ પેંગ્વિન સહિત આસપાસના દ્વીપો પર વાયરસનો ખતરો ઉજાગર થયો છે. આ વાયરસ દુનિયા ભરની પક્ષીઓનો નાશ કરી શકે તેવો ખતરનાક છે.

# જો બાઈડેને કહ્યું- ઈઝરાયલ-હમાસ વચ્ચે 4 માર્ચ સુધીમાં સીઝફાયરની શક્યતા

### દાવો- 6 અઠવાડિયા સુધી યુદ્ધ અટકે તેવી શક્યતા

■ ન્યૂયોર્ક

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું છે કે ઈઝરાયલ અને હમાસ વચ્ચે 4 માર્ચ એટલે કે આવતા સોમવાર સુધીમાં સીઝફાયર થઈ શકે છે. ન્યૂયોર્ક સિટીમાં NBC ચેનલના શો માટે આઈસ્ક્રીમ શોપ પર પહોંચેલા બાઈડેને કહ્યું - મને દેશના NSA દ્વારા કહેવામાં આવ્યું છે કે અમે સીઝફાયરની ખૂબ નજીક છીએ.અમેરિકન મીડિયા સીએનએન અનુસાર, ઈઝરાયલ અને હમાસ વચ્ચે સીઝફાયર કરાર સાથે જોડાયેલી કેટલીક શરતો પર સહમતિ બની છે. જે બાદ બંને પક્ષો વચ્ચે સીઝફાયર અને ઈઝરાયલના બંધકોને મુક્ત કરવાની શક્યતા વધી ગઈ છે. ખરેખરમાં, 23 ફેબ્રુઆરીએ ફ્રાન્સમાં અમેરિકા, ઈજિપ્ત,



ઈઝરાયલ અને કતારના અધિકારીઓ વચ્ચે એક બેઠક મળી હતી.

CNN અનુસાર, બેઠકની જાણકારી ધરાવતા રાજદ્વારી સૂત્રએ કહ્યું છે કે સીઝફાયરનો પ્રથમ તબક્કો 6 અઠવાડિયા સુધી ચાલી શકે છે. આ સમય દરમિયાન હમાસ દ્વારા બંધક બનાવાયેલી ઈઝરાયલની મહિલાઓ, બાળકો અને વૃદ્ધોને મુક્ત કરવામાં આવશે. ઈઝરાયલ પેલેસ્ટિનિયન કેદીઓને પણ મુક્ત કરશે. CNN સાથે વાત કરતા એક અમેરિકન અધિકારીએ કહ્યું- હમાસ ગાઝામાંથી ઈઝરાયલના સૈનિકોને હટાવવા અને યુદ્ધ સમાપ્ત કરવાની માંગ કરી રહ્યું હતું. સીઝફાયરમાં આ એક મોટી અડચણ હતી, જે હાલમાં ઉકેલાઈ ગઈ છે. ઈઝરાયલના સૈનિકોને મુક્ત કરવા અને યુદ્ધ બંધ કરવાના મુદ્દે વાતચીત ફરી અટકી શકે છે. ઈઝરાયલના નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ રાફામાં સૈન્ય કાર્યવાહી શરૂ કરવા માંગે છે. સાથે જ હમાસે કહ્યું છે કે તે બીજા તબક્કામાં યુદ્ધ ખતમ કરવાના મુદ્દા પર વાત કરવા માંગે છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલનરે કહ્યું- અમને આશા છે કે બંને પક્ષો વચ્ચે ટૂંક સમયમાં સમજૂતી થઈ જશે. CBS ન્યૂઝ સાથે વાત કરતા ઈઝરાયલના પીએમ નેતન્યાહુએ કહ્યું હતું કે અમે રાફામાં ઈઝરાયલના સૈનિકો મોકલવાની યોજના બનાવી રહ્યા છીએ.

# 316 વર્ષ પહેલા ડૂબેલા જહાજમાં 20 અબજ ડોલરનો ખજાનો

### કોલંબિયાની સરકાર ખજાનાની શોધ માટે ટીમ મોકલી રહી છે

■ ન્યૂયોર્ક

કોલોનિયલ કાળમાં કેરેબિયાઈ સમુદ્રમાં ડુબેલા જહાજનો ખજાનો શોધવા મો કોલંબિયાની સરકારે તડામાર તૈયારીઓ શરુ કરી છે. 316 વર્ષ પહેલા ઈસ 1708માં સ્પેનનું સેન જોસ નામનું એક જહાજ દરિયામાં ડૂબ્યું ત્યારે 20 અબજ ડોલરની કિંમતનો ખજાનો હતો. જેમાં સોના,ચાંદી અને મોતીનો સમાવેશ થતો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર કોલંબિયાની સરકાર ખજાનો શોધવા પ્રયાસ કર રહી છે ત્યારે બોલિવિયા અને સ્પેન સરકાર પણ ખજાના પર દાવો કર્યો છે. કોલંબિયાની સરકાર ખજાનાની શોધ માટે એક ટીમ મોકલી રહી છે ત્યારે જો સફળતા મળશે તો અત્યાર સુધીમાં દરિયામાંથી મળેલો સૌથી મોટી કિંમતનો ખજાનો હશે. સ્પેનના ઐતિહાસિક લખાણોમાં મળતા ઉલ્લેખ મુજબ દક્ષિણ અમેરિકામાં સ્પેનિશ કોલોનિયલમાંથી જહાજ ખજાનો લઈને જઇ રહયું હતું. જેમાં સોના સહિતની કિંમતી ધાતુઓથી ભરેલી અનેક પેટીઓ હતી.

### સોના,ચાંદી સહિતની કિંમતી ધાતુઓ શોધવા 4.5 મિલિયન ડોલરનું બજેટ





### અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીનો જંગ

# પાર્ટીના સભ્યો માટે અમેરિકન પ્રમુખ તરીકે બાઈડેન પહેલી પસંદ નથી

## કોના પર ડેમોક્રેટિક પાર્ટી ઉતારશે પસંદગી?

■ વોશિંગ્ટન

અમેરિકામાં આ વર્ષે યોજાનારી રાષ્ટ્રપતિપદની ચૂંટણી પહેલા રિપબ્લિકન પાર્ટીના નેતા ડોનાલ્ડ ટ્રમ્પની વધી રહેલી લોકપ્રિયતા તેમજ જો બાઈડેનની ઘટી રહેલી ચાહનાના કારણે ડેમોક્રેટિક પાર્ટીના સમર્થકોને ચિંતા થઈ રહી છે.ડેમોક્રેટિક પાર્ટી દ્વારા જો બાઈડેનના વિકલ્પો પર પણ વિચારણા થઈ રહી છે અને તાજેતરમાં થયેલા એક સર્વેમાં ડેમોક્રેટિક પાર્ટીના મતદારોમાં બાઈડેનના વિકલ્પ તરીકે સૌથી વધારે મત મિશેલ ઓબામાને મળ્યા છે. મિશેલ ઓબામા અમેરિકાના બે વખત પ્રમુખ રહી ચુકેલા બરાક ઓબામાના પત્ની છે. આ સર્વેમાં 20 ટકા લોકોએ મિશેલ ઓબામાની તરફેણ કરી હતી. આ સર્વેના તારણો બાદ બાઈડનનુ સ્થાન મિશેલ ઓબામા લેશે કે કેમ તેવી ચર્ચા શરુ થઈ છે.

સર્વેમાં ડેમોક્રેટિક પાર્ટીના 48 ટકા મતદારોએ કહ્યુ હતુ કે, નવેમ્બરની ચૂંટણી પહેલા પાર્ટીએ વધુ એક ઉમેદવાર પસંદ કરવા માટે વિચારણા કરવી જોઈએ. જ્યારે 38 ટકાએ આ મુદ્દા પર અસંમતિ વ્યક્ત કરી હતી.



# USમાં સૌથી વધુ વપરાતી 100 ડોલરની નોટ મુસીબત બની

## ATMમાં 100 ડોલરની નોટો પણ વધુ લોડ થાય

■ ન્યૂયોર્ક




શું તમે જાણો છો કે અમેરિકામાં કઈ ચલણી નોટોનો સૌથી વધુ ઉપયોગ થાય છે? તો જવાબ છે 100 ડોલર. અમેરિકામાં 100 ડૉલરની નોટનો સૌથી વધુ ઉપયોગ થાય છે, પરંતુ આ નોટથી બધા ચિડાઈ જાય છે. અમેરિકન અખબારના રિપોર્ટ અનુસાર, અમેરિકામાં 100 ડોલરની નોટ ખૂબ જ સામાન્ય છે. અને આ જ કારણ છે કે હવે લોકો તેનાથી પરેશાન થવા લાગ્યા છે. અખબારમાં જણાવવામાં આવ્યું છે કે, ફેડરલ રિઝર્વના ડેટા અનુસાર, 2012 અને 2022 ની વચ્ચે $100ની નોટોનું ચલણ બમણું થઈ ગયું છે. આંકડા અનુસાર, 2012માં 8.6 બિલિયન $100ની નોટો ચલણમાં હતી.

2022માં તેમની સંખ્યા વધીને 18.5 અબજથી વધુ થઈ જશે. આ બધું હોવા છતાં, $100ની નોટ ખર્ચવી પણ એટલી જ મુશ્કેલ છે. તેનું પણ એક કારણ છે. અને તે એ છે કે મોટાભાગના દુકાનદારો 100 ડોલરની નોટ સ્વીકારવાનો ઈનકાર કરે છે. બીજું કારણ નકલી નોટોનું વધતું સર્ક્યુલેશન છે. આ એટલું સામાન્ય બની ગયું છે કે બજારમાં 100 ડોલરની નકલી નોટો આડેધડ આવી રહી છે.

# ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં ચીનના પ્રભુત્વને પડકાર

## ચીનની નિકાસ ઘટી, ભારતની નિકાસમાં વધારો

■ મુંબઈ




અમેરિકા તથા યુકે જેવી કેટલીક મુખ્ય બજારોમાં ઈલેક્ટ્રોનિક નિકાસમાં ચીનના પ્રભુત્વને છીનવી લઈ ભારત પોતાની હાજરી વધારી રહ્યું હોવાનું જોવા મળી રહ્યું છે. અમેરિકા તથા યુકે સાથે ચીનના સંબંધોમાં તાજેતરના વર્ષોમાં આવેલી કડવાશનો ભારતને લાભ થઈ રહ્યાનું સરકારી સુત્રો જણાવી રહ્યા છે. ગયા વર્ષના નવેમ્બરમાં અમેરિકા ખાતે ભારતની ઈલેક્ટ્રોનિક નિકાસનું પ્રમાણ ચીનની સરખામણીએ ૭.૬૫ ટકા રહ્યું હતું જે નવેમ્બર ૨૦૨૧માં ૨.૫૦ ટકા હતું. ઘરઆંગણે ઈલેક્ટ્રોનિક્સનું ઉત્પાદન વધારવા ભારત સરકાર ઉત્પાદકોને વિવિધ પ્રોત્સાહનો પૂરા પાડી રહી છે. જેમાં વેરામાં રાહત, મૂડી ટેકો, જમીન હસ્તગત કરવાની સરળ પ્રક્રિયા વગેરેનો સમાવેશ થાય છે.

૨૦૨૩ના જાન્યુઆરીથી સપ્ટેમ્બર દરમિયાન ભારતની અમેરિકા ખાતે ઈલેક્ટ્રોનિક્સ નિકાસનો આંક બમણો રહીને ૬.૬૦ અબજ ડોલર રહ્યો હતો. જે અત્યારસુધીની ઊંચી સપાટીએ હતો. વિદેશની ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓ ભારતમાં ઉત્પાદન કરી અન્ય દેશોમાં નિકાસ કરી રહી છે.

## NEWS FILE

### ટર્મિનેશન, કાનૂની લડાઈ અને પછી એન્ટ્રી, ધાર્મિક પ્રચારના આરોપમાં પ્રોફેસરની જીત



ટેક્સાસઃ ભારતીય-અમેરિકન પ્રોફેસર જોન્સન ટેક્સાસની એક કોલેજમાં બાયોલોજીના પ્રોફેસર છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં સેન્ટ ફિલિપ કોલેજ દ્વારા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમના પર માનવોમાં લિંગ નિર્ધારણ માટે X અને Y રંગસૂત્રો વિશે ધાર્મિક જ્ઞાન આપવાનો આરોપ હતો. ભારતીય મૂળના અમેરિકન પ્રોફેસરે કોલેજમાંથી હાંકી કાઢ્યા બાદ જોરદાર વાપસી કરી છે. ભારતીય મૂળના પ્રોફેસર ડૉ. જૉન્સન વર્કીને ગયા વર્ષે ટેક્સાસની એક કૉલેજ દ્વારા સમાપ્ત કરવામાં આવ્યા હતા. તેમના પર માનવ પ્રજનન પ્રક્રિયા અંગે ધાર્મિક ઉપદેશો આપવાનો આરોપ હતો. ફરિયાદ બાદ કોલેજમાંથી હાંકી કાઢવામાં આવેલા પ્રોફેસર જોન્સને પોતાની ધાર્મિક સ્વતંત્રતાનો બચાવ કરતા ટેક્સાસની સેન્ટ ફિલિપ કોલેજ સામે ભેદભાવનો કેસ દાખલ કર્યો હતો.

### ચીન અમેરિકી યુવાનોના બ્રેઈન વોશનો ધરાવે છે ઈરાદો

ન્યૂર્યોકઃ ચીન અને અમેરિકા વચ્ચે ચાલતું ટ્રેડવૉર કલ્ચર વૉરમાં પણ ફેરવાઈ રહયું છે. અમેરિકાના યુવાઓને ચાઈન કોમ્યુનિસ્ટ પાર્ટીના એજન્ટ બનાવીને બ્રેઈનવૉશ કરવામાં આવતું હોવાનો ખુલાસો થયો છે. પાંચ ગ્રુરપોએ જાન્યુઆરી મહિનામાં રાજધાની બેઈજિંગનો પ્રવાસ કર્યો હતો. ચીનના સિટીઝન પાવર ઈનિશિએટિવ્સના રિસર્ચ ફેલો જેનેટ ટૉંગ અને રાઈટ સ્ટેટ યુનિવર્સિટીમાં ભણાવતા અર્થશાસ્ત્રી ઈવાન ઓસબોર્નની એક લેખમાં જણાવ્યું છે કે આ પ્રવાસ કાર્યક્રમમાં પ્રાચીન ચીની સંસ્કૃતિ અને વ્યંજનોનો નિયમિત અનુભવ અને મોર્ડન સ્થળોનો સમાવેશ થાય છે.

### ડેટિંગ એપ પર વાત, ભારતીય-અમેરિકન મહિલા સાથે 4 કરોડની છેતરપિંડી



ન્યૂયોર્કઃ ભારતીય-અમેરિકન મહિલા સાથે 4.4 કરોડ રૂપિયાની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. મહિલા સાથે આ છેતરપિંડી એક ડેટિંગ એપ પર થઈ હતી. છેતરપિંડી કરનારે દારૂના ધંધાર્થી હોવાનો ડોળ કરીને તેમને ફસાવ્યા અને પછી કરોડો રૂપિયાની છેતરપિંડી કરી. આ મહિલાનું નામ શ્રેયા દત્તા છે, જે ફિલાડેલ્ફિયામાં રહે છે. થોડા સમય પહેલા તેણે એન્સેલ નામની વ્યક્તિ સાથે વાત કરવાનું શરૂ કર્યું હતું. એન્સેલે પોતાને ફ્રાન્સના મોટા વાઈન બિઝનેસમેન ગણાવ્યા હતા. પરંતુ વાસ્તવમાં તે ક્રિપ્ટો સ્કેમર હતો. એન્સેલે શ્રેયાને તેના શબ્દોથી ફસાવી. તેની સાથે મિત્રતા કરી. પછી વાતચીત ચાલુ રહી. શ્રેયાએ ન્યૂઝ એજન્સી એએફપીને જણાવ્યું કે એન્સેલે ડીપફેક વીડિયો અને સ્ક્રિપ્ટનો ઉપયોગ કરીને તેને મૂર્ખ બનાવવામાં સફળ રહી. જ્યારે કોઈ છેતરપિંડી કરનાર આ પ્રકારનું કામ કરે છે.

# અમેરિકાના નિષ્ણાત ડૉક્ટરે કહ્યું- રાષ્ટ્રપતિ બિલકુલ સ્વસ્થ છે

## ભવિષ્યમાં પણ રાષ્ટ્રપતિની ડ્યૂટી નિભાવ કરી શકશે

■ વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનની તબિયત બાબતે ઉઠાવવામાં આવેલા સવાલો વચ્ચે તેમના ડૉક્ટરનું કહેવું છે કે રાષ્ટ્રપતિ બિલકુલ સ્વસ્થ છે. તેઓ ભવિષ્યમાં પણ રાષ્ટ્રપતિની ડ્યૂટી નિભાવતા કામ-કાજ કરી શકશે. 81 વર્ષીય બાઈડેને મેરીલેન્ડમાં વોલ્ટર રીડ નેશનલ મિલિટરી મેડિકલ સેન્ટર ખાતે ચેકઅપ કરાવ્યું હતું. અઢી કલાક સુધી ચેકઅપ ચાલ્યું હતું. ચેકઅપ બાદ ડૉ. કેવિન ઓ'કોનોએ કહ્યું- રાષ્ટ્રપતિ તરીકેની તેમની જવાબદારીઓ નિભાવવા માટે બાઈડન એકદમ સ્વસ્થ છે.

અગાઉ, નેવાદામાં ડેમોક્રેટિક પાર્ટી દરમિયાન, બાઈડેને ફ્રાન્સના પૂર્વ રાષ્ટ્રપતિ ફ્રેન્કોઈસ મિટરેન્ડ સાથેની તેમની વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો. ફ્રેન્કોઈસનું 1996 માં નિધન થયું હતું. આટલું જ નહીં, અહીં ભાષણ દરમિયાન તેમણે પોતાની જ પાર્ટીના સાંસદનું નામ લીધું અને તેમને ત્રણ વખત મંચ પર આમંત્રણ આપ્યું. આ સાંસદનું નિધન થયું હતું.

### 62% અમેરિકનો બાઈડનના સ્વાસ્થ્ય અંગે ચિંતિત છે



ફેબ્રુઆરી 2022માં પણ, વ્હાઈટ હાઉસના ભૂતપૂર્વ ચિકિત્સક પ્રતિનિધિ રોની જેક્સન સહિત 37 ધારાસભ્યોએ પત્ર લખીને બાઈડેનનો ઔપચારિક સંજ્ઞાનાત્મક ટેસ્ટ (કોગ્નિટિવ ટેસ્ટ) કરાવવાની માંગ કરી હતી. NBC ન્યૂઝ દ્વારા કરવામાં આવેલા નવા સર્વેમાં જાણવા મળ્યું છે કે 62% અમેરિકન મતદારોએ સ્વીકાર્યું છે કે તેઓ રાષ્ટ્રપતિ બાઈડેનના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય વિશે ચિંતિત છે. 22 ફેબ્રુઆરીના રોજ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સૌથી મોટા વિરોધી એલેક્સી નવલનીના મૃત્યુના છ દિવસ બાદ બાઈડેન તેની પત્ની યુલિયા નવલનયા અને પુત્રી દશા નવલનયાને મળ્યા. આ દરમિયાન તેમણે નવલનીના પત્ની યુલિયાને યોલાન્ડાને કહ્યું હતું. અમેરિકન મીડિયા 'ન્યૂયોર્ક ટાઈમ્સ' અનુસાર, થોડા દિવસો પહેલા બાઈડેને પ્રેસ કોન્ફરન્સ કરીને માફીના આરોપોનું ખંડન કર્યું હતું.

## કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી ગુજરાતના 7 જિલ્લા ફરશે

# ભારત જોડો ન્યાયયાત્રા ગુજરાતમાં 7 માર્ચે પ્રવેશશે, શું કોઈ ચમત્કાર થશે?

### 8 માર્ચે દાહોદ બસ સ્ટેન્ડ ખાતેથી પદયાત્રા શરૂ થશે

■ અમદાવાદ

રાહુલ ગાંધીની "ભારત જોડો ન્યાયયાત્રા"માં લોકોની સમસ્યાઓને ઉજાગર કરી તેના માટે અવાજ ઉઠાવવામાં આવશે. રાહુલ ગાંધીની "ભારત જોડો ન્યાયયાત્રા" 7 માર્ચ અને ગુરુવારના રોજ બપોરે 3 કલાકે ઝાલોદ ખાતેથી ગુજરાતમાં પ્રવેશ કરશે. ત્યારબાદ 8 માર્ચના રોજ સવારના દાહોદ બસ સ્ટેન્ડ પાસેથી પદયાત્રા શરૂ થશે. ચાર દિવસ સુધી ગુજરાતમાં "ભારત જોડો ન્યાયયાત્રા" રહેવાની છે, તેની તૈયારીની સમીક્ષારૂપે દાહોદ ખાતે કોંગ્રેસના કાર્યકર્તાઓ તથા નેતાઓની મિટિંગ મળી હતી. આ મિટિંગમાં ગુજરાતના પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરત સોલંકી, જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર તથા પ્રદેશ અને જિલ્લાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. દાહોદના નેતાઓ, કાર્યકર્તાઓ અને લોકોમાં "ભારત જોડો ન્યાયયાત્રા"ને આવકારવા માટે એક અનેરો થનગનાટ અને ઉત્સાહ જોવા મળે છે.

ગુજરાતના લોકોની અનેક સમસ્યાઓ છે. આદિવાસી વિસ્તારના લોકો, ખેડૂતો, નાના વેપારીઓ, રોજગારી ઈચ્છતા યુવાનો, પૂરતો પગાર ઈચ્છતા ફિક્સ પગારના કર્મચારીઓ, જૂની પેન્શન યોજનાની માંગણી કરતા સરકારી કર્મચારીઓ, આઉટસોર્સિંગ દ્વારા થતાં શોષણને દૂર કરીને નિયમિત નોકરી ઈચ્છતા કર્મચારીઓ, ખેતમજૂરો અને પશુપાલકોની મુશ્કેલીઓને "ભારત જોડો ન્યાયયાત્રા" દરમિયાન વાચા આપવામાં આવશે.





# સાબરમતીમાં ટ્રીટ પાણી છોડવા 775 કરોડનો ખર્ચ

### વાસણામાં 375 MLD ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતની કામગીરી કરાશે

■ અમદાવાદ

અમદાવાદની સાબરમતી નદીમાં શુદ્ધ કરેલું પાણી છોડવા અને પર્યાવરણની જાળવણી કરી શકાય તે હેતુસર AMC દ્વારા નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)ની નવી ગાઈડલાઈનને અનુસરીને વર્લ્ડ બેંકની મળનારી 3,000 કરોડની લોનમાંથી વાસણામાં 388 કરોડના ખર્ચે 375 MLDની ક્ષમતાનો નવો સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) તૈયાર કરવામાં આવશે. આધુનિક સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, હયાત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના વચગાળાના ઓપરેશન અને મેન્ટેનન્સ સહિત ડ્રેનેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં નવીનીકરણ સહિત 778 કરોડ રૂપિયાના ખર્ચ અંગેની દરખાસ્ત આવતીકાલે ગુરુવારે મળનારી સ્ટેન્ડિંગ કમિટીમાં મૂકવામાં આવી છે. દરખાસ્તને મંજૂરી મળતાની સાથે જ વર્લ્ડ બેંક તરફથી મળનારી લોનમાંથી સૌપ્રથમ નવો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર કરવામાં આવશે.



## NEWS FILE

### સસ્પેન્ડેડ પીઆઈ તરલ ભટ્ટના નવા કાંડ સામે આવી શકે





અમદાવાદઃ 28 ફેબ્રુઆરીના રોજ જૂનાગઢ તોડકાંડના આરોપી સસ્પેન્ડ પીઆઈ તરલ ભટ્ટના ખાસ માણસ દીપ શાહની ધરપકડ કરાઈ છે. થાઈલેન્ડ જવા માટે દીપ મુંબઈ એરપોર્ટ પહોંચ્યો હતો. પરંતુ તેના વિરુદ્ધ લૂક આઉટ નોટિસ જારી થઈ હોવાથી તેને ઈમિગ્રેશનના અધિકારીએ ઝડપી લઈ એટીએસને સોંપ્યો હતો. દીપ શાહે તરલ ભટ્ટને 600 કરતાં વધુ બેન્ક એકાઉન્ટની માહિતી આપી હતી. તેની ગાડીમાં તરલ ભટ્ટને શ્રીનાથજી અને ઉજ્જૈન લઈ ગયો હતો. જ્યારે દુબઈથી બિરજુ શાહ નામના બુકીએ હવાલાથી 2 વખત મુંબઈ મોકલેલા રૂ.38 લાખ દીપ શાહે તરલ ભટ્ટને પહોંચાડ્યા હતા.

### ધો.10ની પરીક્ષાની હોલટિકિટ જાહેર,11 માર્ચથી પરીક્ષા

અમદાવાદઃ ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની હોલ ટિકિટ જાહેર કરવામાં આવી છે. ધોરણ 10ના વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સત્તાવાર વેબસાઈટ ઉપર જઈને ડાઉનલોડ કરી શકશે. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્રતા.29/02/2024થી બોર્ડની વેબસાઈટ ssc.gsebht.in, gsebht.in અથવા gseb.org પરથી શાળા દ્વારા શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી. દ્વારા લોગીન કરી ડાઉનલોડ કરી શકાશે.

### 130 કરોડ ચૂકવાયા છતાં સોલાર પોલ લગાવાયા નહીં



અમદાવાદઃ અમદાવાદ સ્માર્ટ સિટી તરીકે ઓળખાય છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર અને ભાજપના સત્તાધીશો નાગરિકોને સોલાર પેનલ લગાવવા માટે વિવિધ સ્કીમોની જાહેરાત કરે છે, પરંતુ ખુદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર પોતાના સ્ટ્રીટ લાઈટ પર સોલાર પેનલ લગાવી વીજળી બચાવી શકતા નથી. છેલ્લા પાંચ વર્ષમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્ટ્રીટ લાઈટ પાછળ વીજ બિલ પેટે ટોરેન્ટ પાવર અને યુજીવીસીએલને રૂ.130 કરોડ ચૂકવવામાં આવ્યા છે. જોકે છેલ્લા 34 મહિનામાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ.97 કરોડના ખર્ચે 25,584 સ્ટ્રીટ પોલ ઉભા કરવામાં આવ્યા છે.

# જૂની પેન્શન સ્કીમની માગણી વચ્ચે મોંઘવારી ભથ્થામાં વધારો થયો

### 4.45 લાખ કર્મચારી, 4.63 લાખ પેન્શનરને થશે ફાયદો

■ અમદાવાદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 1 જુલાઈ-2023થી 4 ટકાનો વધારો જાહેર કર્યો છે. રાજ્યસેવાના અને પંચાયત સેવા તથા અન્ય મળી 4.45 લાખ કર્મચારીઓ અને 4.63 લાખ પેન્શનર્સને લાભ મળશે. મોંઘવારી ભથ્થામાં વધારાની 8 મહિનાની તફાવત રકમ, એરિયર્સ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે. એનપીએસના કર્મચારીએ 10 ટકા ફાળો આપવાનો રહેશે, જ્યારે રાજ્ય સરકાર 14 ટકા આપશે. ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના હિતમાં ત્રણ હિતકારી નિર્ણયો કર્યા છે. રાજ્ય સરકારના કર્મચારીઓ કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં 4 ટકા વધારાનો લાભ 1 જુલાઈ 2023થી આપવાની જાહેરાત કરી છે. પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ 4.45 લાખ કર્મચારીઓ અને અંદાજે 4.63 લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે, પેન્શનર્સને મળવાપાત્ર થશે.

### 8 મહિનાનું એરિયર્સ આવી રીતે ચૂકવાશે



મોંઘવારી ભથ્થાની 8 મહિનાની એટલે કે, 1 જુલાઈ 2023થી ફેબ્રુઆરી 2024 સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે. ઉપરાંત, જુલાઈ-2023થી સપ્ટેમ્બર-2023 સુધીની તફાવત રકમ માર્ચ-2024ના પગાર સાથે, ઓક્ટોબરથી ડિસેમ્બર 2023ની એરિયર્સની રકમ એપ્રિલ-2024ના પગાર સાથે તેમજ જાન્યુઆરી અને ફેબ્રુઆરી-2024ના મોંઘવારી ભથ્થાની એરિયર્સની રકમ મે 2024ના પગાર સાથે કર્મચારીઓને ચૂકવાશે. મુખ્યમંત્રીએ નવી વર્ધિત-પેન્શન યોજના એનપીએસમાં કર્મચારી અને રાજ્ય સરકારના ફાળા અંગે પણ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્મચારીઓની માગણીઓને પ્રતિસાદ આપતા કર્યો છે. ભૂપેન્દ્ર પટેલે આ બે મહત્વપૂર્ણ નિર્ણયો ઉપરાંત કર્મચારીઓને એલ.ટી.સી. માટે 10 પ્રાપ્ત રજાની રોકડ રૂપાંતરણ ચૂકવણી અગાઉ 6ઠ્ઠા પગાર પંચના પગાર ધોરણ અનુસાર થતી હતી.

### PMએ કહ્યું- 'કોંગ્રેસે વિકાસકાર્યોના નામે વિશ્વાસઘાત કર્યો'


# વડાપ્રધાને સુદર્શન સેતુનું લોકાર્પણ કર્યું, લાખો વાહનચાલકોને ફાયદો

## સોનાની પાઘડી અને મુગટ પહેરાવી મોદીનું સ્વાગત કરાયું

■ દ્વારકા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય ગુજરાતના પ્રવાસે આવ્યા. જેમાં શનિવારે રાત્રે 10 વાગ્યે જામનગર પહોંચી ત્યાં રાત્રી રોકાણ કરી રવિવારે વહેલી સવારે બેટ દ્વારકા પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બેટ દ્વારકા ખાતે પ્રભાતે ભગવાન શ્રી કૃષ્ણના દર્શન, પૂજા-અર્ચન કર્યા બાદ સુદર્શન સેતુનું લોકાર્પણ કર્યું હતું. હવે અહીંથી દ્વારકામાં 9:30 વાગ્યે રોડ શો દરમિયાન લોકોનું અભિવાદન ઝીલતા પ્રધાનમંત્રી દ્વારકાધીશ જગતમંદિરે દર્શનાર્થે પહોંચ્યા હતા. ભગવાન દ્વારકાધીશનાં દર્શન કરી પંચકૂઈ બીચ પર દરિયામાં સ્કૂબા ડાઈવિંગ કરવા પહોંચ્યા હતા. બપોરે જાહેરસભાને સંબોધન કર્યુ હતું. અહીં વડાપ્રધાને દેવભૂમિ દ્વારકા, જામનગર અને પોરબંદર જિલ્લાના રૂ. 4 હજાર કરોડથી વધુના કુલ 11 વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

ઓખા અને બેટ દ્વારકાને જોડતા અંદાજિત રૂ. ૯૭૮.૯૩ કરોડના ખર્ચે નવનિર્મિત દેશના સૌથી લાંબા કેબલ બ્રિજ સુદર્શન સેતુનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વિકસિત ભારત વિકસિત ગુજરાતના સંકલ્પને સાકાર કરતો અને સુદર્શન સેતુ રાજ્ય સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લાની આગવી ઓળખ બનનાર સુદર્શન સેતુનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ તક્તી અનાવરણ કરી ભાવિકો માટે ખુલ્લો મુક્યો હતો. સુદર્શન સેતુના નિર્માણ થકી દેવભૂમિ દ્વારકા જિલ્લાની યશકલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે.









## જામનગરના જળાશયોમાં જુલાઈ સુધી ચાલે તેટલું પાણી

### ઉનાળો હેમખેમ નીકળી જશે તેવો તંત્રનો દાવો સાચો સાબિત થશે

■ જામનગર

જામનગરમાં દર વર્ષે સામાન્ય રીતે 15 જૂનથી ચોમાસાનું આગમન થતું હોય શહેરને પાણી પુરૂં પાડતા જળાશયોમાં જુલાઈ સુધીની જળરાશિ હોય ઉનાળો હેમખેમ નીકળી જશે. જિલ્લાના 23 માંથી 2 ડેમ ખાલી થયા છે. 17 જળાશયમાં ફેબ્રુઆરીથી જુન સુધીનો પાણીનો જથ્થો છે. આથી હજુ પીવા માટે પાણીનો જથ્થો અનામત રાખવામાં આવ્યો નથી. ખેડૂતોને પણ સિંચાઈ માટે પાણી આપવામાં આવતું હોય ઉનાળુ પાકના ઉજળા ચિત્રની આશા છે. જો કે, ઉનાળામાં પાણીનું બાષ્પીભવન અને માંગ પર ખરો આધાર છે. જામનગરમાં દર વર્ષે સામાન્ય રીતે 15 જૂનથી ચોમાસાનું વિધિવત આગમન થાય છે. પરંતુ તે પહેલા ઉનાળામાં પાણીની ચિંતા લોકોને સતાવે છે. પરંતુ ગત વર્ષે મેઘરાજાએ મહેર કરતા મોટાભાગના જળાશયો ઓવરફલો થયા હતાં.



## NEWS FILE

### લોકજાગૃતિ વિના જ સ્માર્ટ સિગ્નલ પાછળ 62 કરોડ ફૂંક્યા




સુરતઃ હાલમાં જ વડાપ્રધાને ઈ-લોકાપર્ણ કરેલા શહેરના સ્માર્ટ ટ્રાફિક સિગ્નલ શોભાના ગાંઠિયા બની રહ્યા છે. લોકોમાં જાગૃતિ લાવ્યા 245 જંક્શન પર 62 કરોડનો ધૂમાડો કરાયો હતો. આ સિગ્નલો વાહનોની સંખ્યાના આધારે કામ કરે છે. શહેરમાં ટ્રાફિક નિયંત્રણ કરવા આ સૌથી મોટું આયોજન હતું. જો કે, અદ્યતન સિસ્ટમ માત્રને માત્ર સ્માર્ટ સિટી મિશનમાં પ્રોજેકટ ગણાવવા માટે જ મુકાય હોય એવું પ્રતિત થઈ રહ્યું છે. હાલમાં તો જ્યાં પોલીસ ઊભી રહીને નિયમન કરે છે ત્યાં જ સિગ્નલનું પાલન થાય છે. જ્યારે બાકીનાં જંક્શનો પર સિગ્નલનું પાલન ધરાર થતું નથી.

### રાજકોટમાં 1 માસમાં 2.51 અબજની જમીન ખૂલ્લી કરી

રાજકોટઃ રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા શહેરના વોર્ડ નંબર- 1, 9 અને 11માં 16 ઝૂંપડા, કેબિન અને દુકાન હટાવી 97.82 કરોડની કિંમતની 13,468 ચોરસ મીટર જમીન ખૂલ્લી કરાવવામાં આવી હતી. રાજકોટ મનપા દ્વારા છેલ્લા 1 માસમાં એટલે કે, 1થી 28 ફેબ્રુઆરી- 2024 દરમિયાન 35,185 ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. સરકારી જમીન પર થયેલા દબાણની કિંમત રૂ.2,51,30,95,000 થાય છે. મનપાની ટાઉન પ્લાનિંગ શાખા સરકારી જમીનો પરના દબાણ હટાવવા માટે ઝડપી કાર્યવાહી કરી રહી છે.

### આજી રિવરફ્રન્ટમાં જાહેરાત છતાં એક ઈંટ ન મૂકાયાનો દાવો



રાજકોટઃ કોંગ્રેસ પક્ષ સાથે સમાધાન થઈ જતાં હાઈકોર્ટમાં એફિડેવિટ થતાં હાઈકોર્ટે 16 ફેબ્રુઆરી, 2024ના બંન્ને કોર્પોરેટરને ગેરલાયક ઠેરવતો શહેરી વિકાસ વિભાગનો હુકમ રદ કર્યો હતો. હવે આગામી 7મી માર્ચે જનરલ બોર્ડ છે ત્યારે બંને કોંગી કોર્પોરેટર દ્વારા પ્રજાલક્ષી પ્રશ્નો પૂછવામાં આવ્યા છે, પરંતુ તેમનાં પ્રશ્નો એજન્ડામાં સમાવાયા નથી અને તેથી કોકડું ગુંચવાયું છે. જોકે બંને કોર્પોરેટર એવું કહી રહ્યા છે કે અમે જનરલ બોર્ડમાં જશું જ. તો મનપાના સેક્રેટરી રૂપારેલીઆએ જણાવ્યું હતું કે, શહેરી વિકાસ વિભાગનાં આદેશ વિના કોર્પોરેશન બંનેને સમાવી ન શકે.

# રાજ્યમાં 40 મેડિકલ કોલેજ કાર્યરત હોવાનો સરકારનો દાવો

### 2027 સુધીમાં સ્નાતકની 8500 તો અનુસ્નાતકની 3700 બેઠક

### દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ હોય તેવી સરકારની યોજના

■ ગાંધીનગર

ગુજરાત વિધાનસભા ગ્રુહમાં પ્રશ્નોતરી દરમિયાન મેડિકલ કોલેજો અને સ્નાતક-અનુસ્નાતકની સીટો અંગે જવાબ આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ડૉક્ટર બનવાનું સ્વપ્ન સેવતા રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગીય વિદ્યાર્થીઓના સ્વપ્નને પાંખ આપવાનું ભગીરથ કાર્ય રાજ્ય સરકારે કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કોલેજ કાર્યરત કરવાના સંકલ્પને સિદ્ધ કરવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની સરકારે કામગીરી હાથ ધરી છે. વર્ષ 2001માં 10 મેડિકલ કોલેજની સામે વર્ષ-2024માં 40 કોલેજ (400%), 1275 સ્નાતક બેઠકની સામે 7050 (553%) અને 830 અનુસ્નાતક બેઠકની સામે 2947 (335%) (186-DNBની બેઠકો)નો વધારો થયો છે.

### 13 GMERS કોલેજ રાજ્ય સરકાર સંચાલિત પરંતુ નવી કોલેજ બનાવાઈ નહીં




હાલ રાજ્યમાં 6 સરકારી કોલેજ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા સંચાલિત 13 GMERS કોલેજ સહિત 40 મેડિકલ કોલેજ ઉપલબ્ધ છે. રાજ્યના બાકી રહી જતા જિલ્લાઓમાં પણ મેડિકલ કોલેજ કાર્યરત કરાવવા સરકારે યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરી છે. રાજ્યમાં હાલ 40 મેડિકલ કોલેજ અંતર્ગત U.G. (સ્નાતક)ની 7050 અને P.G.(અનુસ્નાતક)ની 2761 બેઠક ઉપલબ્ધ છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં મેડિકલ બેઠકોમાં થયેલ વધારાની વિગતો જોઈએ તો સ્નાતકની 1350 અને અનુસ્નાતકની 531 બેઠકો વધી છે. વર્ષ 2027 સુધીમાં U.G.(સ્નાતક)ની 8500 અને P.G.(અનુસ્નાતક)ની અંદાજિત 3700 બેઠક ઉપલબ્ધ કરાવવા સરકારે આયોજન હાથ ધર્યું છે. મંત્રીએ વધુંમાં ઉમેર્યું હતું કે, GMERS કોલેજમાં અભ્યાસ કરતા અંદાજિત 2400 વિદ્યાર્થીઓ પૈકી 1743 એટલે કે 72% વિદ્યાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત ફીમાં રાહત આપવામાં આવે છે.

# અખિલ હાટુ આપણે બેની જિંદગી લીધી, ઈશ્વરે અખિલની જિંદગી લઈ લીધી



## ઋણાનુબંધ

ભાવના પટેલ

**નવલકથા - પ્રકરણ - 22**

આ નવા ઊભા થયેલા કોયડાએ ઈન્સ્પેક્ટરને મૂંઝવણમાં મૂકી દીધા. ક્યાંથી શરૂઆત કરવી? શું કરવું? ઈન્સ્પેક્ટરે ફરી-ફરીને બધું જ વિચાર્યા કર્યું, અખિલનું બયાન ફરી-ફરીને વાંચ્યુ, ત્રણેક ચા પી નાખી તોયે કોઈ કડી ના મળી.

તુલસી પોલીસ સ્ટેશન જવા નીકળી એટલે રુખીબહેને બૂમ પાડીને ઝમકુને બોલાવીને કહ્યું, 'ઝમકુ લે અખિલના બાપુનો કાગળ વાંચી હંભરાવ ને. મારે ફરીથી હાંભરવો છે.'

ઝમકુએ કાગળ વાંચી સંભળાવ્યો.

રુખીબહેન વિચારમાં પડ્યા આ અખિલના બાપુએ ભજનની હુ રામાયણ કયરી છે! મેં તો કોઈ દાડો એને ભજનનું કીધું નોતું, ભજનો હાંભરવાનો શોખ તો એમને હતો.

ઑયલો ઈન્સ્પેક્ટરેય કેવો જબરો મારો હારો. કબાટમાંથી કાઢીને આખી કેસેટે યહાં ભરી લીધી કે એમાં ભજન જ છેકે બીજું કાંય!

આમ વિચારતા એ લક્ષ્મીપ્રસાદના રૂમમાં આવ્યા ને લક્ષ્મીપ્રસાદ બેસતા એ ખુરશીમાં બેઠા. એ ખુરશીના સ્પર્શે એમને લક્ષ્મીપ્રસાદ યાદ આવી ગયા, એમની યુવાનીનો સમય યાદ આવી ગયો, ને એ યાદે એમનું મન ભરાઈ ગયું.

અખિલના બાપુ હાવ આમ મને નોંધારી મેલીને વયાગ્યા! અખિલેય ગ્યો ને તમેય? હું કેમ કરીને જીવીશ એનોય વિચારના કયરો? હંધુય ઓલી વંતરીને દઈ દીધું! મારે એની દયા ઉપર જીવવાનું? એની પાહે હાથ લાંબો કરવાનો?

આ વિચાર સાથે જ રુખીબહેનનું મગજ દોડવા લાગ્યું. વકીલ જે બોલતો હતો એ યાદ આવવા લાગ્યું. ક્યાં કેટલી મિલકત છે, સોનું છે ઈ બધુંય યાદ આવવા લાગ્યું.

એ સાથે જ રુખીબહેન ખુરશીમાંથી ઉભા થઈ ગયા,રૂમનું બારણું અંદરથી બંધ કર્યું, બધી બારીઓ બંધ જ હતી, છતાંયે ફરી તપાસી અને કેડેથી ઝુડો કાઢીને લક્ષ્મીપ્રસાદનું કબાટ ખોલ્યું.

ઈન્સ્પેક્ટરે બધુંયે જોયું, તપાસ્યું હતું જ, પરંતુ હવે રુખીબહેનને ખાતરી થઈ કે, એ ચોરખાનુ એના ધ્યાનમાં નહીં જ આવ્યું હોય.

જો ધ્યાનમાં આવ્યું હોય તો-તો એણે એ ખોલ્યું હોય જ ને.

લક્ષ્મીપ્રસાદે જાતે ઉભા રહીને એ બનાવડાવેલું. કબાટનું દિવાલ બાજુનું પડખું એક કળ ખેંચતા આખું બહાર નીકળી આવ તું અને દિવાલ દેખાતી. આ દિવાલમાં મોટી તિજોરી જેવું સંચબનાવેલું.

રુખીબહેને ઝુડામાંથી બીજી ચાવી કાઢીને એ સંચ ખોલ્યું. એની એક ચાવી લક્ષ્મીપ્રસાદ પાસે અને બીજી ચાવી રુખીબહેન પાસે રહેતી.

એ સંચ આખું સોનાની ઈંટો જેવા ચોરસાથી છલોછલ ભરેલું તું. એ સોનાના થપ્પા ઉપર એ કકેસેટ પડી હતી.

અખિલના બાપુ આ કેસેટની વાત તો નથી લખી ગયા ને? કદાચ, એમાં મારા હાટુ કંઈક ભલામણ હોય. વકીલના કાગળમાં આ સોનાની તો કાંય વાત લખી નથી! એમનું કામ તો બહુ ચોક્કસ હતું. ઈ આ સોનાને ભૂલી જાય ઈ વાતમાં તો માલ નહીં.

આ કેસેટ આની હાયરે મૂકી છ એટલે કાંઈક તો જરૂર હયશે જ એમાં. ન કર બાર જનો રાખે, આ ચોરખાનામાં હુ કામ મેલે?

કેસેટ કાઢી લઉ. બાકી હંધુય ભલેને ત્યાં જ રયું. આમેય ક્યાં કોઈને ય એની ખબર છે. આમ વિચારીને રુખીબહેને કેસેટ કાઢી લીધી અને હતું તેમ કબાટ બંધ કરી દીધું.



પોતાના રૂમ માં ગયા ને ઝમકુને બોલાવીને કેસેટ કેમ લગાવવી એ જાણી લીધું અને શાકભાજી લઈ આવવાને બહાને એને ઘરની બહાર મોકલી દીધી.

હવે ઘરમાં કોઈ જ નહોતું. રુખીબહેને કેસેટ ચાલુ કરી. કેસેટ થોડી ચાલી અને લક્ષ્મીપ્રસાદનો અવાજ સંભળાયો.

'જયશ્રી કરશન, અખિલની મા,

તને લખતા-વાંચતા આવડતું નથી એટલે આવું કરવું પયડું. મારાથી હવે નહીં જીવાય. પછી વિચાર આયવો કે તને કાંઈ કીધા વગર મરી જાવ તોય નકામું. લખીને ય ના જાવાય, આયાં કેસેટ રાયખી છે એમે ય ના લખાય.

એટલે ઓલી ભજનોની કેસેટનું લયખુ. મને ગળા હુધી ખાતરી છેકે તું આખાનું તો ફંફોડીશ જ. એટલે કેસેટ આંયા રાયખી.

આ માંસોનું છે ઈ વકીલના કાગળના લિસ્ટમાં નથી લયખું. આ તારા હાટુ મુકતો જાવ છું. જોકે મને ગળા હુધી ખાતરી છે કે, તુલસી ને માલ-મિલકતની કાંય પયડી નથી ને ઈ તને જરાય હેરાન કરશે નહીં તોય તારા મનની શાંતિ હાટુ આ દઈ જાવ છું.

આ છેલ્લા દસેક દિમાં જે તુલસીને મેં જાણી છે. ઈણે જે સેવા મારી કયરી છે. અખિલની મા, આપણાથી બહુ બધું પાપ થઈ ગ્યું છે, ઈ પાપ ને ધોવું તો પડશે ને? તને હાથ જોડીને કહું છું હવે ઈને નો વિતાડતી. એક દીકરી જાણીને રાખજે.

આઆ પડો અખિલ એમને મન હીં મર્યો, ઓલ્યા બામણ-બામણીના નિસાસા લાગ્યા. તને ખબર છે? ભર નીંદરમાં હોવને કોક મારું ગળુ દબાવતું હોયને મારી છાતી પર ચડી બેઠું હોય એવું લાગ્યા કરે છે મને.

એબે જણને ગળે ફાંહો ખાવા મજબૂર કયરા તા આપણે, ઈ હંધૂયે નજર હામે દેખાય છે. ઈ બેય નો લટકતો દેહ મને જંપવા નથી દેતો. આપણે બેય ભાન ભુયલાતા, એવું વિચારીને કે, તુલસી નામા-બાપ મરી જાહે તો તુલસી ઢીલી થઈને કેસ પાછો ખેંચી લેશે.

અખિલની જિંદગીની મુશ્કેલી દૂર કરવા હાટુ આપણે ઈ બેયની જિંદગી લઈ લીધી. કરમનું ગણિત જો, ઈશ્વરે અખિલની જિંદગી લઈ લીધી.

ઈ બિચારી બામણી કેટલું કરગરતી'તી. શુભાનું નામ ભલે લયખું મેં કાગળમાં, પણ આ બેય અવગતે ગયેલા જીવ મને કનડે છે. હું તો મરીને છૂટી જાઈશ આ હંધાયથી, પછી ઈશ્વર જીગતી દયે ઈ.

પણ તારો સભાવ જોતા તુંન હીં મરે મારી જેમ, ને માની શેય નહીં મેં કીધું ઈ. એટલે બીજું એક કામેય કરતો જાવ છું.

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

પરિવારના સભ્યો સાથે કોઈ ખાસ હેતુ માટે સલાહ-સૂચન થશે. કોઈપણ કામ કરતા પહેલા સંપૂર્ણ પ્લાન અને ડ્રાફ્ટ બનાવી લેવાથી તમે કોઈપણ પ્રકારની ભૂલ કરવાથી બચી શકશો. આર્થિક સ્થિતિમાં પણ સુધારો થશે.કોઈપણ નિર્ણય સમજી વિચારીને જ લો. ઉતાવળ અને ઉશ્કેરાટના કારણે કોઈ કામ ખોટુ થઈ શકે છે.વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં સુધારો થશે.

### વૃષભ



(બ.વ.ઉ)

દિવસ કેટલીક મિશ્ર અસર સાથે પસાર થશે. તમને કેટલાક સમયથી ચાલી રહેલી કોઈપણ મૂંઝવણ અને બેચેનીમાંથી રાહત મળશે. આધ્યાત્મિક અને ધાર્મિક કાર્યોમાં થોડો સમય પસાર કરવાથી તમે સકારાત્મક બની શકશો. યુવા પેઢી કોઈપણ કારણ વગર તેમના મનમાં થોડી અશાંતિ અનુભવશે. કુદરત સાથે અને ધ્યાનમાં થોડો સમય વિતાવવો યોગ્ય રહેશે.

### મિથુન



(ક.છ.ઘ)

ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે. તમારી મહેનત અને વિશ્વાસથી તમને દરેક પ્રકારની સમસ્યાઓમાંથી રાહત મળશે. વિદ્યાર્થીઓ તેમના કાર્ય સમયસર અને સારી રીતે પૂર્ણ કરશે. અને એકવાર તમે તમારા મનમાં નિર્ણય કરી લો, પરંતુ તમારા કામને પણ પ્રાથમિકતા આપો. કારણ કે વ્યસ્તતાને કારણે તમારા પોતાના કામમાં અડચણો આવશે.

### કર્ક



(ડ.હ)

મહેનત અને સમર્પણથી તમે જે ઈચ્છો છો તે પ્રાપ્ત કરી શકશો. વડીલોનો સ્નેહ અને આશીર્વાદ આ સમયે તમારા જીવનની સૌથી મોટી સંપત્તિ હશે. પરિવાર સાથે સમય પસાર કરવાથી તમારું મન પ્રફુલ્લિત રહેશે. બિનજરૂરી ખર્ચમાં વધારો થવાથી તણાવ રહેશે. કોઈપણ નવી યોજના પર નિર્ણય લેતા પહેલા તેના વિશે સારી રીતે વિચાર કરો.

### સિંહ



(મ.ટ)

નવી યોજનાઓ બનશે. જે ફાયદાકારક પણ રહેશે. તમારી જીવનશૈલી અને બોલવાની રીત બીજાને તમારી તરફ આકર્ષિત કરશે. ખાસ કરીને મહિલાઓ માટે આજનો દિવસ સિદ્ધિઓથી ભરેલો રહેશે. વધુ પડતા ખર્ચથી પરેશાની થશે. સંતુલિત બજેટ જાળવવું વધુ સારું રહેશે.

### કન્યા



(પ.ઠ.ણ)

દિવસનો મોટાભાગનો સમય ઘરની યોગ્ય વ્યવસ્થા જાળવવામાં અને લક્ઝરી જેવી વસ્તુઓની ખરીદીમાં પસાર થશે. બાળકોને તેમની સમસ્યાઓ હલ કરવામાં મદદ કરવી જરૂરી છે. સ્વજનોના આગમનથી ઘરમાં સુખદ વાતાવરણ રહેશે. બિનજરૂરી દલીલોમાં ન પડો. અભ્યાસ કરતા લોકોએ તેમના અભ્યાસ તરફ વધુ ધ્યાન આપવાની જરૂર છે.

### તુલા



(ર.ત)

અનુભવી લોકોના સંપર્કમાં રહેવાથી તમને સારા અનુભવો થશે અને તમારી પ્રતિષ્ઠા પણ વધશે. કેટલાક મહત્વપૂર્ણ કામ પૂરા થવાથી આશાઓ અને અપેક્ષાઓ સફળ થશે. સગા-સંબંધીના સ્થળે જવાનો કાર્યક્રમ પણ બનાવાશે. બીજાની બાબતોમાં દખલ ન કરો. અન્ય ક્ષેત્રોમાં વ્યસ્ત રહેવાની સાથે સાથે ઘરની જાળવણી પર પણ ધ્યાન આપવું જરૂરી છે.

### વૃશ્ચિક



(ન.ય)

કોઈ ખાસ કામ કરતી વખતે ઘરના વરિષ્ઠ સભ્યો સાથે અવશ્ય ચર્ચા કરો. ચોક્કસ તેમનું માર્ગદર્શન તમને સફળતા અપાવશે. જો પૂર્વજો સંબંધિત કોઈ સમસ્યા અટવાયેલી હોય તો તે પણ ઉકેલાઈ જશે. બાળકો તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરતા હતા.જો તમે આ સમયે વાહન ખરીદવાનું વિચારી રહ્યા છો, તો તેને હાલ પૂરતું મુલતવી રાખો.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

અંગત જીવનમાં ચાલી રહેલી કેટલીક સમસ્યાનો ઉકેલ મળવાની સંભાવના છે, કોઈ શુભ અને ધાર્મિક કાર્યમાં પૈસા ખર્ચવાથી તમે પ્રસન્નતા અનુભવશો. મિત્રની સલાહ તમારા માટે ઉપયોગી સાબિત થશે. કોઈ ખાસ પ્રવૃત્તિમાં અન્ય લોકોથી પ્રભાવિત થવાને કારણે તમારી ક્ષમતામાં વિશ્વાસ રાખો. કારણ કે તમારા દ્વારા લેવામાં આવેલા નિર્ણયો વધુ સકારાત્મક રહેશે.

### મકર



(ખ.જ)

સફળતા માટે ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે. કેટલીક મહત્વપૂર્ણ માહિતી મળી શકે છે. મીડિયા અને ઑનલાઈન સંબંધિત પ્રવૃત્તિઓ પર તમારું વિશેષ ધ્યાન રાખો. માર્કેટિંગ અને મીડિયાને લગતા ઘણા મહત્વપૂર્ણ કાર્યો પણ પૂરા થવાની સંભાવના છે. કોઈપણ પ્રકારના વિવાદના કિસ્સામાં તમારા ગુસ્સા પર નિયંત્રણ રાખવું જરૂરી છે. વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં થોડો સુધારો થશે.

### કુંભ



(ગ.સ.શ.ષ)

ગ્રહોની સ્થિતિ સંપૂર્ણપણે અનુકૂળ છે. તમને આધ્યાત્મિક અને અધ્યયન સંબંધિત કામમાં રસ રહેશે અને માનસિક શાંતિનો અનુભવ થશે. તમે સામાજિક અને રાજકીય કાર્યોમાં પણ સહયોગ કરશો. આ સમય ખૂબ જ ધીરજ અને શાંતિથી પસાર કરવાનો છે, દેખાડો કરવાની વૃત્તિ નુકસાન જ કરશે. શાંતિપૂર્ણ રીતે પરિસ્થિતિઓનો સામનો કરો.

### મીન



(દ.ચ.ઝ.થ)

પરિવાર સાથે જોડાયેલા કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવા પડી શકે છે, જે યોગ્ય રહેશે. મિત્રનો સહયોગ પણ તમારી સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરશે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓમાં સુધારાને કારણે દિનચર્યા વ્યવસ્થિત બનશે. નજીકના સંબંધી સાથે અણબનાવ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે.

# અભિનેત્રી તાપસી બોયફ્રેન્ડ મૈથિયાસ સાથે લગ્ન કરશે



## કપલ 10 વર્ષથી રિલેશનશિપમાં છે, લગ્ન ક્રિશ્ચિયન રિવાજ મુજબ ઉદયપુરમાં થશે

**નવી દિલ્લી:** તાપસી પન્નુ વિશે સમાચાર આવ્યા છે કે, અભિનેત્રી ટૂંક સમયમાં લગ્ન કરવા જઈ રહી છે. તાપસી તેના બોયફ્રેન્ડ મૈથિયાસ બો સાથે લગ્ન કરવા જઈ રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તાપસી લગભગ 10 વર્ષથી મૈથિયાસ બો સાથે રિલેશનશિપમાં છે. તાપસીએ તેના લગ્ન માટે ઉદયપુર લોકેશન પસંદ કર્યું છે. માત્ર તાપસી અને મૈથિયાસના પરિવાર જ તેમના લગ્નમાં હાજરી આપશે. જો રિપોર્ટ્સનું માનીએ તો બોલિવૂડ સેલેબ્સને તેમના લગ્ન માટે હજુ સુધી આમંત્રણ આપવામાં આવ્યું નથી.લગ્ન શીખ અને ખ્રિસ્તી રીતિ-રિવાજ મુજબ થશે.

**10 વર્ષથી રિલેશનશીપમાં છે તાપસી** તાપસી અને મૈથિયાસ 10 વર્ષથી ડેટ કરી રહ્યા છે 36 વર્ષની તાપસી પન્નુ અને મૈથિયાસ છેલ્લા 10 વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા છે. જોકે, આ કપલે લાઈમલાઈટથી દૂર રહીને પોતાના સંબંધોને હંમેશા ખાનગી રાખ્યા હતા. તાપસી અવારનવાર મૈથિયાસ સાથેના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરે છે. કપલ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. તાપસીએ તાજેતરમાં મૈથિયાસ વિશે ખુલ્લેઆમ વાત કરી હતી અને કહ્યું હતું કે તે તેની પ્રથમ બોલિવૂડ ફિલ્મ 'ચશ્મે બદ્દૂર'નું શૂટિંગ કરતી વખતે તેને મળી હતી.

**મૈથિયાસ બો કોણ છે?** 43 વર્ષીય મૈથિયાસ બો ડેનિશ બેડમિન્ટન ખેલાડી છે. તે બે વખત યુરોપિયન ચેમ્પિયન અને ઓલિમ્પિક મેડલિસ્ટ રહી ચૂક્યો છે. મેથિયાસે વર્ષ 2020માં બેડમિન્ટનમાંથી નિવૃત્તિ લીધી હતી. જ્યારે  તાપસી પન્નુએ હિન્દી ઈન્ડસ્ટ્રીની સાથે તેલુગુ અને તમિલ ઈન્ડસ્ટ્રીઝમાં પણ કામ કર્યું છે. અભિનેત્રીએ વર્ષ 2010માં તેલુગુ ફિલ્મથી અભિનયની શરૂઆત કરી હતી. તેણે પોતાના કરિયરની શરૂઆત મોડલિંગથી કરી હતી. 2013માં 'ચશ્મે બદ્દૂર'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું.

# શાહરુખ ખાનની દીકરી સુહાનાએ રિયલ એસ્ટેટમાં રોકાણ કર્યું

■ મુંબઈ


સુપરસ્ટાર શાહરુખ ખાનની પુત્રી સુહાના ખાને રિયલ એસ્ટેટમાં રોકાણ કર્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર અભિનેત્રી સુહાનાએ મુંબઈ નજીક અલીબાગમાં એક મોટી પ્રોપર્ટી ખરીદી છે.તેણે થાલ ગામમાં 9 કરોડ 50 લાખ રૂપિયાની જમીન ખરીદી છે, જેના માટે તેણે 57 લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવી છે. સુહાનાએ આ જમીન પર કુલ 10 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આ જમીનની નોંધણી 13મી ફેબ્રુઆરીના રોજ થઈ હતી. દસ્તાવેજો અનુસાર, સુહાનાએ થાલ ગામ, રાયગઢ, અલીબાગમાં કુલ 1.8 એકર ખેતીલાયક જમીનમાં રોકાણ કર્યું છે. જૂન 2023માં તેની એક્ટિંગ ડેબ્યૂ પહેલા જ સુહાનાએ અલીબાગમાં 1.5 એકર જમીન ખરીદી હતી. આ ડીલ 12.19 કરોડ રૂપિયામાં થઈ હતી. શાહરુખ પહેલાથી જ અલીબાગમાં સી-ફેસિંગ પ્રોપર્ટીનો માલિક છે.

# 'કુમકુમ ભાગ્ય' ફેમ અભિષેક મલિકનું બ્રેકઅપ થયું

## લગ્નના બે વર્ષ બાદ સુહાની ચૌધરીથી લેશે ડિવોર્સ

■ નવી દિલ્લી

'કુમકુમ ભાગ્ય' ફેમ અભિનેતા અભિષેક મલિક તેની પત્ની સુહાની ચૌધરીથી છૂટાછેડા લઈ રહ્યો છે. અભિષેકે બે વર્ષ પહેલા જ સુહાની સાથે લગ્ન કર્યા હતા. એક ઈન્ટરવ્યૂ દરમિયાન અભિષેકે તેના છૂટાછેડાના સમાચારની પુષ્ટિ કરી હતી. અભિનેતાએ કહ્યું, 'હા, એ સાચું છે કે સુહાની અને હું અલગ થઈ રહ્યા છીએ. અમે બંને અમારા જીવનમાં આગળ વધી રહ્યા છીએ.' આનું કારણ જણાવતાં અભિષેકે કહ્યું- 'અમે અમારા લગ્નમાં સુસંગતતા અને સમજણ જેવી કેટલીક બાબતોનો અભાવ અનુભવ્યો હતો.'અભિષેકે કહ્યું, 'છૂટાછેડા પછી પણ બંને એકબીજા સાથે સારો વ્યવહાર કરશે. તેમની વચ્ચે કોઈ કઠોર લાગણીઓ અથવા વિખવાદ હશે નહીં'. બંનેએ 9 મહિના સુધી એકબીજાને ડેટ કર્યા બાદ લગ્ન કર્યા હતા.



## NEWS FILE


### પરિણિતીની 'ચમકીલા' એપ્રિલમાં ઓટીટી પર, ઈમ્તિયાઝની ફિલ્મમાં એન્ટ્રી



મુંબઈ : ઈમ્તિયાઝ અલીની 'અમર સિંઘ ચમકીલા' આગામી એપ્રિલમાં ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવશે. દિલજીત અને ઈમ્તિયાઝે પ્રથમ વખત કારકિર્દીમાં સાથે કામ કર્યું છે.  આ ફિલ્મમાં પરિણિતી ચોપરાએ સંખ્યાબંધ ગીતો પણ ગાયાં છે. અમર સિંહ ચમકીલા એક પંજાબી ગાયક હતો અને લાઈવ પરફોર્મન્સ આપતો હતો. ૧૯૮૮માં તેની હત્યા થઈ હતી. તેની જીવન કથા પરથી આ ફિલ્મ બનાવવામાં આવી છે. ફિલ્મમાં તેને સંખ્યાબંધ ગીતો ગાવાની તક મળી હોવાથી તેણે અન્ય ફિલ્મોનો ઈનકાર કરી દીધો હતો.

### આમિર ખાન ફિલ્મ 'સિતારે જમીન પર'થી બોલીવુડમાં વાપસી કરશે

મુંબઈ: મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાન પોતાની એક્ટિંગથી ચાહકોને દિવાના બનાવી દે છે. તે દરેક વખતે



એક એવી ફિલ્મ લઈને આવે છે જે લોકોને ખૂબ પસંદ આવે છે. આમિર ખાનની છેલ્લી ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા' સુપર ફ્લોપ સાબિત થઈ હતી. ત્યારબાદથી આમિર ખાને એક્ટિંગમાંથી બ્રેક લીધો હતો. હવે મિસ્ટર પરફેક્શનિસ્ટ ફરીથી કમબેક કરવા જઈ રહ્યા છે. તેઓ આ જ વર્ષે વાપસી કરવા જઈ રહ્યા છે. આમિર ખાનનું કમબેક ક્રિસમસ 2024 પર થવા જઈ રહ્યું છે. તેમણે ખુદ પોતાના કમબેકને કન્ફર્મ કર્યું છે. આમિર ખાનની દંગલ ફિલ્મ આઠ વર્ષ પહેલા ક્રિસમસ પર રિલીઝ થઈ હતી. હવે આમિરની 'સિતારે જમીન પર' ક્રિસમસ પર રિલીઝ થશે. તેમણે કહ્યું કે, લીડ એક્ટર તરીકે મારી આગામી ફિલ્મ સિતારે જમીન પર છે. હાલમાં જ તેનું શૂટિંગ શરૂ થયું છે.

# 'ચિઠ્ઠી આઈ હૈ' થી મશહૂર ગઝલ ગાયક પંકજ ઉધાસનું નિધન

## કેન્સરની બીમારીને લીધે 72 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા

■ મુંબઈ

ઉર્દૂ ગઝલોને સંગીત શોખીનોના હૈયામાં ગીતની જેમ ગાતી અને ગુંજતી કરનારા મશહૂર ગઝલ ગાયક પંકજ ઉધાસનું લાંબી બીમારી બાદ આજે ૭૨ વર્ષની વયે અવસાન થયું હતું. ગુજરાતીભાષી ગઝલ ગાયકે ઉર્દૂ ગઝલને છેલ્લાં ચાર દાયકાની પ્રદીર્ઘ કારકિર્દી દરમિયાન દેશ અને દુનિયાને ખુણે ખુણે પહોંચાડી હતી. સદ્ગત ગાયકની પુત્રી નાયાબે આ દુઃખદ સમાચાર આપ્યા હતા. પંકજ ઉધાસને લગભગ છ મહિના પહેલાં કેન્સરનું નિદાન થયા પછી સારવાર હેઠળ હતા. આજે સવારે ૧૧ વાગ્યે બ્રીચ-કેન્ડી હોસ્પિટલમાં તેમણે છેલ્લાં શ્વાસ લીધા હતા. અવસાન સમયે તેમની ઉંમર ૭૩ વર્ષની હતી. આવતી કાલે મંગળવારે સદ્ગતના અંતિમ-સંસ્કાર કરવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશભરના નેતાઓ, બોલીવૂડ હસ્તીઓ તથા ચાહકોએ તેમને અંજલિ આપી હતી. સોશિયલ મીડિયા પર લોકોએ તેમના અનેક મ્યુઝિક વીડિયો તથા ગઝલ્સ પ્લેક કરી તેમને યાદ કર્યા હતા.



## ઝેવિયર્સનાં વોઈસ ઓફ મુકેશ તરીકે જાણીતા

પંકજ ઉધાસ મુંબઈની સેન્ટ ઝેવિયર્સમાં ભણતા ત્યારે તેમનાથી જુનિયર સાથી અને પછી ફિલ્મ સંગીત ક્ષેત્રના ટોચના ગીટારીસ્ટ બનેલા જયંતી ગોશરે કહ્યું હતું  કે કોલેજમાં અમે ભેગા થઈ એક ઓરકેસ્ટ્રા ઊભી કરેલી એમાં પંકજભાઈ મુખ્યત્વે મુકેશના ગીતો ગાતા. એટલે વોઈસ ઓફ મુકેશ ગણાતા. ત્યાર પછી ત્રણેય ભાઈઓ મનહર, નિર્મળ, પંકજે મળીને સ્ટેજ પ્રોગ્રામો શરૂ કર્યા ત્યારે પણ હું ગીટાર પર સંગત કરતો. મનહરભાઈને કલ્યાજી-આણંદજીને લીધે પ્લેબેક સિંગર બનવાની તક મળી ગઈ હતી. જ્યારે પંકજભાઈએ ગઝલ ગાયકીનું ક્ષેત્ર પસંદ કરી નામના મેળવી હતી. ચાર દાયકાની સૂરીલી કારકિર્દી દરમિયાન પંકજ ઉધાસે અનેક ગઝલો ગાઈ છે. એમાંથી કેટલીય ગઝલો તો વર્ષોના વર્ષો વિત્યા છતાં લોકજીભે રમ્યા જ કરે છે. આ ગઝલો કોણ ભૂલી શકે?

### ધર્મશાલામાં ઈતિહાસ રચવાની ભારત પાસે તક

# પાંચમી ટેસ્ટ જીતીશું તો પહેલીવાર જીતની સંખ્યા હારની બરાબર હશે

## રોહિત શર્મા પાસે કેપ્ટન તરીકે ઐતિહાસિક રેકોર્ડ બનાવવાની તક

■ નવી દિલ્લી

ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામે 7 માર્ચે ધર્મશાલામાં પાંચ ટેસ્ટ મેચની સિરીઝની છેલ્લી મેચ રમશે. આ ભારતની એકંદરે 579મી ટેસ્ટ મેચ હશે. જો ભારતીય ટીમ આ ટેસ્ટ જીતી જાય છે તો પ્રથમ વખત તેની જીતની સંખ્યા હારની બરાબર થઈ જશે. 1932માં પોતાની પ્રથમ ટેસ્ટ રમનાર ભારતીય ટીમે અત્યાર સુધીમાં 578 ટેસ્ટ રમી છે જેમાંથી ટીમ 177માં જીતી છે અને 178માં હાર છે. ધર્મશાલામાં જીત મેળવીને ટીમ ઈન્ડિયાની જીત અને હારનો આંકડો 178-178ના બરાબર થઈ જશે.

**માત્ર 4 ટીમ જ ટેસ્ટમાં હાર કરતાં વધુ જીતી** છે ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા અને પાકિસ્તાને તેમના ટેસ્ટ ઈતિહાસમાં હાર્યા કરતાં વધુ મેચ જીતી છે. ઈંગ્લેન્ડે 392 મેચ જીતી છે, જ્યારે 323માં હારનો સામનો કરવો પડ્યો છે. ઓસ્ટ્રેલિયા 412 મેચ જીત્યું અને 232 હારી ગયું. સાઉથ આફ્રિકાએ 178 ટેસ્ટ જીતી 161માં હારનો સામનો કરવો પડ્યો. પાકિસ્તાને 148 ટેસ્ટ જીતી 142માં હારનો સામનો કરવો પડ્યો. .

**ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા પછી ભારતે સૌથી વધુ ટેસ્ટ રમી** ટીમ ઈન્ડિયાએ અત્યાર સુધી 578 ટેસ્ટ રમી છે. સૌથી વધુ ટેસ્ટ રમવાના મામલે ટીમ ત્રીજા ક્રમે છે. ઈંગ્લેન્ડ 1070 ટેસ્ટ સાથે પ્રથમ સ્થાને છે અને ઓસ્ટ્રેલિયા 864 ટેસ્ટ સાથે બીજા સ્થાને છે. ભારતે 578માંથી 177 મેચ જીતી છે, જ્યારે ટીમ 178માં હારી છે. એક મેચ ટાઈ રહી હતી જ્યારે ભારતે 222 મેચ ડ્રો રમી હતી.





## લોકેશ રાહુલ ચોથી ટેસ્ટ નહીં રમે, બુમરાહનું કમબેક

### પસંદગીકારોએ રણજી ટ્રોફી માટે વોશિંગ્ટન સુંદરને રિલીઝ કર્યો

■ મુંબઈ

કેએલ રાહુલ ધર્મશાલા ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે. જ્યારે જસપ્રીત બુમરાહ કમબેક કરશે. એટલું જ નહીં, પસંદગીકારોએ વોશિંગ્ટન સુંદરને રણજી ટ્રોફીની સેમિફાઈનલ રમવા માટે નેશનલ ટીમમાંથી રિલીઝ કર્યો છે. બોર્ડે ગુરુવારે કહ્યું હતું કે રાહુલ ઈંગ્લેન્ડ સામેની 5 મેચની શ્રેણીની છેલ્લી મેચ નહીં રમે. તે મેચ ફિટનેસ હાંસલ કરી શક્યો નથી. BCCIની મેડિકલ ટીમ તેની ઈજા પર નજર રાખી રહી છે. બુમરાહને રાંચી ટેસ્ટમાંથી આરામ આપ્યો હતો. આ બંને સિવાય પસંદગીકારોએ વોશિંગ્ટન સુંદરને રણજી ટ્રોફી રમવા માટે રાષ્ટ્રીય ટીમમાંથી રિલીઝ કરી દીધો છે. ધર્મશાલા ટેસ્ટ 7 માર્ચથી 11 માર્ચ વચ્ચે રમાશે. આ અંગે BCCIએ કહ્યું કે બોર્ડની મેડિકલ ટીમ નિષ્ણાતની દેખરેખ હેઠળ તેની ઈજા પર નજર રાખી રહી છે.



## NEWS FILE

### IPLની તૈયારી નડી ગઈ,શ્રેયસ-ઈશાન કોન્ટ્રાક્ટમાંથી બહાર



નવી દિલ્લીઃ BCCIએ શ્રેયસ અય્યર અને ઈશાન કિશનને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં સામેલ કર્યા નથી. કારણ કે બંને ખેલાડીઓએ IPLની તૈયારી માટે ડોમેસ્ટિક ક્રિકેટને પ્રાથમિકતા આપી ન હતી. ક્રિકઈન્ફોના અહેવાલ મુજબ, કિશન રણજી ટ્રોફી મેચ છોડ્યા બાદ તેની IPL ટીમના કેપ્ટન હાર્દિક પંડ્યા સાથે પ્રેક્ટિસ કરી રહ્યો હતો. શ્રેયસ પણ મુંબઈની હોમ મેચ છોડીને IPL ટીમ સાથે ટ્રેનિંગ કરી રહ્યો હતો. આ કારણસર BCCIએ બંને ખેલાડીઓને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બાકાત રાખ્યા હતા. બોર્ડે એમ પણ કહ્યું કે ડોમેસ્ટિક ક્રિકેટ છોડવાના કારણે બંને ખેલાડીઓને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે.

### અશ્વિન અને બેયરસ્ટો ટેસ્ટમાં ફટકારશે ખાસ 'સદી'

નવી દિલ્લીઃ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી 5 મેચની ટેસ્ટ સીરિઝમાં ચાર મેચ પૂર્ણ થઈ ગઈ છે. હવે સીરિઝની પાંચમી અને છેલ્લી મેચ 7 માર્ચથી ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમમાં રમાશે. ભારતીય સ્પિનર રવિચંદ્રન અશ્વિન અને ઈંગ્લેન્ડના બેટર જોની બેયરસ્ટો માટે આ મેચ ઘણી મહત્વની રહેશે. આ ધર્મશાલા ટેસ્ટમાં બંને ખેલાડીઓ ખાસ 'સદી' પૂરી કરશે. ધરમશાલા ટેસ્ટ દ્વારા બંને ખેલાડીઓ 100મી ટેસ્ટ માટે મેદાનમાં ઉતરશે. અશ્વિન અને બેયરસ્ટોએ અત્યાર સુધી 99 ટેસ્ટ મેચ રમી છે.

### હું થોડા મહિનામાં નિવૃત્ત થઈ શકું છું: ટેનિસ સ્ટાર એન્ડી મરે



દુબઈઃ ઈંગ્લેન્ડના ટેનિસ સ્ટાર એન્ડી મરેએ સંકેત આપ્યા છે કે તે આગામી કેટલાક મહિનામાં નિવૃત્તિ લઈ શકે છે. સોમવારે દુબઈ ટેનિસ ચેમ્પિયનશિપમાં તેની શરૂઆતની મેચ જીત્યા બાદ, ભૂતપૂર્વ વિશ્વ નંબર 1 ખેલાડી ડેનિસ શાપોવાલોવને 4-6, 7-6 (7/5), 6-3થી હરાવીને બીજા રાઉન્ડમાં પહોંચ્યો છે. મરેએ સોમવારે કહ્યું, "મારી પાસે કદાચ વધુ સમય બાકી નથી, પરંતુ હું આગામી કેટલાક મહિનામાં જેટલું સારું પ્રદર્શન કરી શકું છું તેટલું સારું પ્રદર્શન કરીશ." એન્ડી મરેએ પોતાની કારકિર્દીમાં ત્રણ ગ્રાન્ડ સ્લેમ જીત્યા છે. તે બે વખત વિમ્બલ્ડન અને એક વખત યુએસ ઓપન જીતી ચૂક્યો છે.

## આઈપીએલ પહેલાં ચેન્નઈ સુપર કિંગ્સ મુશ્કેલીમાં « ઓપનર ડેવોન કોન્વે ઈજાગ્રસ્ત

### શિવમ દુબેને ઈજા થઈ હોવાના આવ્યા હતા સમાચાર

■ નવી દિલ્લી

ઈન્ડિયન પ્રીમિયર લીગની 17મી સિઝન પહેલા ચેન્નાઈ સુપર કિંગ્સને મોટો ઝટકો લાગ્યો છે. હકીકતમાં ન્યૂઝીલેન્ડના સ્ટાર ક્રિકેટર ડેવોન કોનવેનું IPLની 17મી સિઝનમાં રમવાનું નક્કી જ હતું. પરંતુ કોનવે ઈજાગ્રસ્ત થવાના કારણે ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણીમાંથી બહાર નીકળી ગયો છે. T20 સિરીઝ દરમિયાન કોનવે ઈજા પહોંચી હતી. મળતી માહિતી પ્રમાણે તેને ગંભીર ઈજાઓ પહોંચી છે. હજુ સુધી એ જાણી શકાયું નથી કે, કોનવેને મેદાનમાં પરત ફરતાં કેટલો સમય લાગશે.

જો કે નિકોલ્સનું પ્લેઈંગ 11માં રમવું હજુ સુધી નક્કી નથી. વિલ યંગ પહેલી ટેસ્ટમાં ઓપનિંગની જવાબદારી સંભાળતો જોવા મળી શકે છે. પરંતુ કોનવેને ઈજા પહોંચવાના કારણે ચેન્નઈ સુપર કિંગ્સની મુશ્કેલીઓ વધતી જોવા મળી રહી છે. કોનવેની રિકવરી અંગે રિપોર્ટ આવ્યા પછી જ ખબર પડશે કે, તે આ વર્ષે IPLમાં રમતો જોવા મળશે કે નહીં.

### કોનવેની જગ્યાએ હવે હેનરી નિકોલ્સને ટીમમાં સ્થાન અપાયુ



કોનવે ઈજાગ્રસ્ત થતાં ન્યૂઝીલેન્ડ ક્રિકેટ ટીમે પણ ટેસ્ટ શ્રેણી માટે કોનવેના રિપ્લેસમેન્ટનું નામ પણ જાહેર કરી દીધુ છે. કોનવેની જગ્યાએ હવે હેનરી નિકોલ્સને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. જો કે નિકોલ્સનું પ્લેઈંગ 11માં રમવું હજુ સુધી નક્કી નથી. વિલ યંગ પહેલી ટેસ્ટમાં ઓપનિંગની જવાબદારી સંભાળતો જોવા મળી શકે છે. પરંતુ કોનવેને ઈજા પહોંચવાના કારણે ચેન્નઈ સુપર કિંગ્સની મુશ્કેલીઓ વધતી જોવા મળી રહી છે. કોનવેની રિકવરી અંગે રિપોર્ટ આવ્યા પછી જ ખબર પડશે કે, તે આ વર્ષે IPLમાં રમતો જોવા મળશે કે નહીં. કોનવે ઈજાગ્રસ્ત થવાના કારણે ન્યૂઝીલેન્ડની મુશ્કેલીઓ વધારો થયો છે. ન્યૂઝીલેન્ડના કોચે આ બાબતે વાત કરતાં કહ્યું કે, ડેવોનની મહત્ત્વની મેચ પહેલા તેને ઈજા પહોંચવાથી અમને મોટો ફટકો પડ્યો છે. ટોચના ક્રમમાં જવા માટે અમને કોનવેની કમી પડશે. કોનવે આ શ્રેણી પહેલા સારા ફોર્મમાં જોવા મળી રહ્યો હતો.

# મહારાષ્ટ્રમાં I.N.D.I.Aની સીટ શેરિંગ ફાઈનલ, કેટલી બેઠકો જીતી શકશે?


## 48 સીટોમાંથી ઉદ્ધવ 20, કોંગ્રેસ 18 બેઠક પર લડશે, શરદની એનસીપી 10 સીટો પર લડશે

## કોંગ્રેસ-એનસીપીના અનેક નેતાઓ પક્ષ છોડી જતાં ચૂંટણીમાં જોવા મળશે રોમાંચક વળાંક

મુંબઈ: મહારાષ્ટ્રમાં I.N.D.I.Aની ત્રણેય પાર્ટીઓ વચ્ચે 2024ની લોકસભા ચૂંટણી માટે સીટોની વહેંચણી અંગે સહમતિ બની ગઈ છે. રાજ્યની 48 લોકસભા સીટોમાંથી ઉદ્ધવ ઠાકરેની શિવસેના 20 સીટો પર ચૂંટણી લડશે. કોંગ્રેસને 18 અને શરદ પવારની એનસીપીને 10 બેઠકો મળી છે. મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી ગઠબંધન હેઠળ ત્રણેય પક્ષો એક સાથે છે. જો સૂત્રોનું માનીએ તો પ્રાદેશિક પક્ષ વંચિત બહુજન અઘાડીને શિવસેના (ઉદ્ધવ જૂથ) પાસેથી બે બેઠકો મળશે. વંચિત બહુજન અઘાડી (VBA)એ અગાઉ પાંચ બેઠકોની માંગણી કરી હતી. આ સિવાય અપક્ષ રાજુ શેટ્ટીને શરદ પવારની પાર્ટીનું સમર્થન મળશે. બેઠકોની વહેંચણી અંગેની સત્તાવાર જાહેરાત એક-બે દિવસમાં કરવામાં આવી શકે છે.

### રાહુલ ગાંધીનો એક ફોન અને થઈ ગઈ સીટ ફાઈનલ

શિવસેના (UBT) મુંબઈમાં લોકસભાની છમાંથી ચાર બેઠકો લડશે, જેમાંથી એક - મુંબઈ નોર્થ ઈસ્ટ - વંચિત બહુજન અઘાડીને આપવામાં આવી શકે છે. મુંબઈની છ લોકસભા બેઠકો પર કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે કોઈ સહમતિ થઈ શકી નથી. આ સંદર્ભમાં કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ 22 ફેબ્રુઆરીએ ઉદ્ધવ ઠાકરે સાથે પણ વાત કરી હતી. રાહુલે ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન ઉદ્ધવને ફોન કર્યો અને લગભગ એક કલાક સુધી વાત કરી. કોંગ્રેસ મુંબઈમાં લોકસભાની છમાંથી ત્રણ બેઠકો પર ચૂંટણી લડવા માંગતી હતી.







### શિવસેના-ભાજપનું 25 વર્ષ જૂનું ગઠબંધન 2019માં તૂટ્યું

2019માં મહારાષ્ટ્રમાં 288 વિધાનસભા બેઠકો માટે પણ ચૂંટણી યોજાઈ હતી. ત્યારે શિવસેના અને ભાજપ ગઠબંધનમાં હતા. ભાજપ 106 ધારાસભ્યો સાથે રાજ્યની સૌથી મોટી પાર્ટી બની. શિવસેનાએ 56 બેઠકો જીતી હતી. આ પછી શિવસેનાએ અઢી વર્ષ સુધી સીએમની ફોર્મ્યુલા અજમાવી, પરંતુ ભાજપ રાજી ન થયું. શિવસેનાએ કોંગ્રેસ સાથે 44 ધારાસભ્યો અને NCP સાથે 53 ધારાસભ્યો સાથે મહાવિકાસ અઘાડી ગઠબંધન કરી અને સરકાર બનાવી, ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી બન્યા હતા.

**જૂન 2022 માં શિવસેનામાં ભંગાણ, શિંદે ભાજપમાં જોડાઈને સીએમ બન્યા** જૂન 2022માં, એકનાથ શિંદે અને શિવસેનાના અન્ય 39 ધારાસભ્યોએ મહારાષ્ટ્રના તત્કાલિન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સામે બળવો કર્યો હતો. શિવસેનાના ભાગલા પડી ગયા. મહાવિકાસ આઘાડી ગઠબંધન સરકાર પડી ગઈ. એકનાથ શિંદેએ ભાજપ સાથે મળીને નવી સરકાર બનાવી. ભાજપે શિંદેને મુખ્યમંત્રી અને દેવેન્દ્ર ફડણવીસને નાયબ મુખ્યમંત્રી બનાવ્યા. જુલાઈ 2023માં શરદ પવારના ભત્રીજા અજિત પવારે પણ બળવો કર્યો હતો. તેમણે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) તોડી અને 9 ધારાસભ્યો સાથે ભાજપ-શિંદે સરકારમાં જોડાયા. પવારે 2 જુલાઈ, 2023ના રોજ મહારાષ્ટ્રના બીજા નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

# બિલ ગેટ્સે PM મોદી સાથે નવી દિલ્લીમાં મુલાકાત કરી

### AI, કૃષિ આરોગ્ય ક્ષેત્રમાં નવીનતા પર ચર્ચા

■ નવી દિલ્હી



માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી છે. આ સમયગાળા દરમિયાન બંને વચ્ચે ઘણા વૈશ્વિક મુદ્દાઓ અને પરિવર્તનની જરૂરિયાત પર ચર્ચા થઈ હતી. બિલ ગેટ્સ ભારતના પ્રવાસે છે અને આ બેઠક દિલ્હીમાં થઈ હતી. આ મીટિંગ પછી બિલ ગેટ્સે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ X પર લખ્યું, 'વડાપ્રધાન મોદીને મળવું હંમેશા પ્રેરણાદાયક હોય છે. અમે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), મહિલા-આગળિત વિકાસ, DPI (આવક), કૃષિ, આરોગ્ય અને આબોહવા અનુકૂલન અને 'દુનિયા ભારત પાસેથી શું શીખી શકે છે' વિશે ચર્ચા કરી. તેમણે પોતાની X પોસ્ટમાં લખ્યું છે કે, 'આપણા ગ્રહના હિતમાં અને વિશ્વભરના લાખો લોકોને સશક્તિકરણ કરતા ક્ષેત્રોની ચર્ચા કરવી હંમેશા આનંદની વાત છે.'

# ભાજપ 33% વધારે મહિલા ઉમેદવારને તક આપશે

### 2019માં 53 મહિલાને ટિકિટ અપાઈ હતી

■ નવી દિલ્લી

લોકસભા ચૂંટણીમાં ભાજપ સૌથી વધુ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની તૈયારી કરી રહ્યો છે. પક્ષની કોર કમિટીની બુધવારે મળેલી બેઠકમાં આ અંગે સંમતિ સધાઈ છે. કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ, સ્મૃતિ ઈરાની સહિત વિક્રમી સંખ્યામાં મહિલાઓને ચૂંટણી લડાવવા મુદ્દે બેઠકમાં મનોમંથન કરાયું હતું. એક વરિષ્ઠ નેતાએ કહ્યું હતું કે આ વખતે મહિલા ઉમેદવારોની સંખ્યા ગત ચૂંટણી કરતાં 33% વધુ રહેશે. 2019માં 53 મહિલાએ ભાજપની ટિકિટ પરથી લોકસભા ચૂંટણી લડી હતી. 33%થી વધુના હિસાબે 70 મહિલાને ટિકિટ મળી શકે છે. આ પહેલાં કોર કમિટીની બેઠકમાં 23 રાજ્યના સંભવિત ઉમેદવારની યાદી મુકાઈ હતી. નવા ચહેરા અંગે પણ ચર્ચા થઈ. યુતિની ચર્ચા ચાલી રહી છે, ત્યાં ઉમેદવારનાં નામો પછીથી જાહેર કરવાનો પણ બેઠકમાં નિર્ણય લેવાયો હતો.

## NEWS FILE

### સંસદ ભવનની સુરક્ષા નવા IPS અધિકારીને સોંપાઈ




નવી દિલ્લીઃ સંસદની સુરક્ષામાં ચૂકના લગભગ 3 મહિના બાદ લોકસભા સ્પીકર ઓમ બિરલાએ મોટો નિર્ણય લીધો છે. તેમણે સીઆરપીએફના આઈજી અનુરાગ અગ્રવાલને સંસદ ભવનની સુરક્ષાની જવાબદારી સોંપી છે. ઓમ બિરલાએ આઈપીએસ અગ્રવાલને સંસદ ભવનમાં સંયુક્ત સચિવ સુરક્ષા નિયુક્ત કરવામાં આવ્યા છે. સંયુક્ત સુરક્ષા સચિવ સંસદ ભવનની સિક્યોરિટી સર્વિસના પ્રમુખ હોય છે. આઈપીએસ અગ્રવાલ 3 વર્ષ સુધી સંયુક્ત સચિવ સુરક્ષાના પદ પર રહેશે. આ પદ ગયા વર્ષે નવેમ્બરથી જ ખાલી હતુ. તેમના પહેલા આઈપીએસ રઘુબીર લાલ આ પદ પર હતા પરંતુ ગયા વર્ષે 2 નવેમ્બરે તેમની બદલી થઈ ગઈ હતી.

### બીજા મહિને કમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં વધારો

નવી દિલ્લીઃ માર્ચ મહિનો શરૂ થઈ ગયો છે અને મહિનાના પહેલા દિવસે એટલે કે 1લી માર્ચે LPG ગેસ સિલિન્ડરની કિંમતમાં ફરી એકવાર વધારો કરવામાં આવ્યો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ફરી એકવાર કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. દિલ્હીમાં તેની કિંમતમાં 25 રૂપિયાનો વધારો ઝિંકાયો છે. જ્યારે મુંબઈમાં તે 26 રૂપિયા સુધી મોંઘો થયો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સતત બીજા મહિને 19 કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કરીને મોંઘવારીને આંચકો આપ્યો છે.

### હિમાચલમાં ક્રોસ વોટિંગ કરનારા 6 MLAનું પદ રદ




શિમલાઃ હિમાચલ પ્રદેશ વિધાનસભાના અધ્યક્ષ કુલદીપસિંહ પઠાણિયાએ ગુરૂવારે જાહેર કર્યું હતું કે જે છ વિધાયકો કોંગ્રેસનાં ચિન્હ નીચે ચૂંટણી લડી વિજય થયા હતા, તેઓએ રાજ્યસભાની ચૂંટણી સમયે ક્રોસ-વોટિંગ કર્યું હતું. તેઓ કોંગ્રેસનાં ચિન્હ નીચે જ ચૂંટણી લડયા હતા છતાં તેમણે ભાજપ તરફી મતદાન કર્યું તેથી તેઓને વિધાનસભ્ય તરીકે જ ગેરલાયક ઠરાવવામાં આવે છે. હિમાચલ પ્રદેશમાં રાજકીય વમળો જાગ્યાં હોવા છતાં અને રાજ્યસભાની ચૂંટણી વખતે ક્રોસ વોટિંગ થયું હોવા છતાં તેમજ એક મંત્રીએ પણ રાજ્યસભાની ચૂંટણી સમયે વિપ્લવ કર્યો હોવા છતાં વિધાનસભામાં અંદાજપત્ર તો પસાર થઈ ગયું હતું.

# ભારતમાં 3 ડિગ્રી તાપમાન વધશે તો હિમાલય 90 ટકા સુકાઈ જશે

### બ્રિટિશ યુનિ.નો રિપોર્ટ ક્લાઈમેટ જર્નલમાં પ્રસિદ્ધ

■ નવી દિલ્હી

બ્રિટનની ઈસ્ટ આંગલિયા યુનિવર્સિટીના સંશોધકોએ તૈયાર કરેલો અહેવાલ ક્લાઈમેટ ચેન્જ જનરલમાં પ્રસિદ્ધ થયો હતો. એમાં ભારતને ચેતવણી આપવામાં આવી છે કે હવે દેશનું સરેરાશ તાપમાન દોઢથી ત્રણ ડિગ્રી સુધી વધશે તો ભયાનક સ્થિતિ સર્જાશે. પાણીની ગંભીર અછત સર્જાશે અને ભૂખમરાની સ્થિતિ સર્જાશે. ખેતરો સૂકાભઠ્ઠ થઈ જશે. ભારતમાં ઝડપભેર તાપમાન વધી રહ્યું છે. જો હવે સરેરાશ તાપમાન દોઢ ડિગ્રી જેટલું વધશે તો દેશનો અડધો અડધ પાણીનો જથ્થો સૂકાઈ જશે. ૨૧ ટકા ખેતીની જમીન બિનઉપજાઉ બની જશે. એમાંય જો ભારતના સરેરાશ તાપમાનમાં ત્રણ ડિગ્રીનો વધારો થશે તો વિનાશ વેરાશે. સૌથી વધુ અસર હિમાલયન રેન્જને થશે. ૯૦ ટકા હિમાલય સૂકાઈ જશે. નદીઓ સૂકાઈ જશે. ખેતરો બંજર બની જશે. જંગલો બળીને ખાક થઈ જશે. કમૌસમી વરસાદનું પ્રમાણ વધશે.

### હિમાલયના 90% ભાગમાં આખુ વર્ષ દુષ્કાળની સ્થિતિ જોવા મળશે



ભારે પૂરની સ્થિતિ વારંવાર સર્જાશે. તો વળી અત્યારે સરેરાશ ૩૦ વર્ષે જે દૂકાળ આવે છે એ વર્ષોવર્ષ આવવા માંડશે. અહેવાલ પ્રમાણે ૮૦ ટકા ભારતીયો હીટ સ્ટ્રેસનો સામનો કરે છે. જો આ સ્થિતિ રોકવી હશે તો પેરિસ કરાર પ્રમાણે તાપમાનને સરેરાશ દોઢ ડિગ્રી નીચું લાવવાના પ્રયાસો સત્વરે શરૂ કરવા પડશે. ભારત, ચીન, બ્રાઝિલ, ગ્રીસ, ઈથિયોપિયા અને ઘાનાને કેન્દ્રમાં રાખીને યુનિવર્સિટીના સંશોધકોએ આ અહેવાલ તૈયાર કર્યો હતો. વધતા તાપમાનથી આ દેશોમાં બાયોડાઈવર્સિટી ઘટી જશે. તેની સીધી અસર આખીય ઈકોસિસ્ટમ પર પડશે. આ રિસર્ચનું નેતૃત્વ કરનારા યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. રેશેલ વારેને જણાવ્યું હતું કે ત્રણ ડિગ્રી તો દૂરની વાત છે, જો દોઢ ડિગ્રી સુધી પણ વધારો થશે તો ભારતમાં બહુ મોટી આડઅસર થશે. ખેતીની મોટાભાગની જમીન બિનઉપજાઉ બનશે ને વળી કરોડો લોકો ભૂખમરાનો શિકાર બનશે.